Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા



C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૬ • અંક : ૩૬ • તા.૩૧ ઑગસ્ટથી ૦૬ સપ્ટેમ્બર ૧૩ • વાર્ષિક લવાજમ ₹ ૫૦ • Regn.No. MH/MR/East/53/2012-14

## રાજલક્ષ્મી આરોગ્યધામ-પંચગનીના ઉદ્ઘાટન પ્રસંગની ઝલક તા. ૧૫.૪.૨૦૧૩






આરોગ્યધામ પરિસરમાં પ્રભુની પધરામણી અને પૂજાભક્તિ






આરતી

શાંતિ કળશ






આરોગ્યધામ પ્રકલ્પની વિવિધ ઝાંખીઓ






આરોગ્યધામ પ્રકલ્પની વિવિધ ઝાંખીઓ






આરોગ્યધામના ઉદ્ઘાટન પ્રસંગે યતિશ્રી અને શ્રેષ્ઠીવર્યો

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી-09820808077

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 36/2013**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# પર્યુષણ એટલે પરીક્ષાની પળ

-પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસુરીશ્વરજી મ.સા.

પર્વાધિરાજનાં કર્તવ્યોમાં અમારિપાલન, સાધર્મિક ભક્તિ, અઠ્ઠમતપ કે ચૈત્યપરિપાટી વગેરે આવે છે, પર્વાધિરાજે આ વિશ્વને મુખ્ય સંદેશ એ આપ્યો છે કે, આ બધાં કર્તવ્યોનું પાલન કરવા ઉપરાંત તમે જો તમારા કષાયોના કાટમાળને ઉખેડીને ફેંકી શકો. અંતરની આગને ક્ષમાના પાણીથી ઓલવી નાખો, તો જ પર્વારાધના સફળ ! બધુંય કરીને જો હૈયાં કઠોર રહ્યા, તો એનો કોઇ અર્થ નથી. પર્વાધિરાજની આરાધના કરતાં એટલું યાદ રહે કે, આ પર્વને આરાધ્યું ત્યારેજ કહેવાય કે, જ્યારે જીવનમાં કષાયોનું શમન, વાસનાઓનું વમન, વિષયોનું વિસર્જન, ઇન્દ્રિયોનું દમન, પાપોનું પ્રક્ષાલન અને શત્રુ-મિત્ર સૌને સાચા અંતરે નમન થાય !

પર્યુષણનાં સાતે સાત દિવસ સુધી આપણે બધા કર્તવ્યોનું પાલન કરીએ, પણ સંવત્સરીનું પ્રતિક્રમણ કર્યા બાદ પણ કોઇ એક વ્યક્તિ પ્રત્યે પણ આપણા મનમાં વેરની ગાંઠ એવીને એવી રહી જાય, તો આપણે આરાધક બની શકતા નથી. ક્ષમાપનાનું કર્તવ્ય ખરા દિલથી અદા કરાય, તો જ પર્યુષણની પર્યુપાસના કરી ગણાય.

મરતા માણસને અમૃતનું એક ટીપું મળે, તો એ જીવતો થઇ જાય. જ્યારે જીવતા માણસના પેટમાં ઝેરનું એક ટીપું જાય, તો એ મરી જાય.આવું જ ગણિત ક્ષમા અને ક્રોધ માટે છે. ક્રોધ-કષાયની પ્રત્યેક પળ એ મોતની પળ છે. એમાં મરતા માણસને ક્ષમાનું અમૃત આપો, તો એ જીવતો થઇ જશે. જ્યારે કષાયનું ઝેર આપવાથી જીવતો માણસ મરવા પડી જશે. એક જ જન્મમાં માણસને મારી નાખતા હળાહળ ઝેર કરતાંય જનમ જનમમાં મારતું વેરનું ઝેર વધુ ખતરનાક છે.

વેરની વસૂલાત કરવાની વાત જિનશાસનમાં છે જ નહિ. વેરનો બદલો વેરથી લેવાય નહિ, વેરનો બદલો વેરથી લેનારો જિંદગીના ચોપડે જૂના વેરને બદ્ધમૂલ બનાવીને નવા વેરને જમા કરે છે, એમાં વેરની વસૂલાત કર્યાની વાત જ ક્યાં આવે છે ? બદલો તો પ્રેમથી લેવાય! શાસ્ત્રકારોએ તો ત્યાં સુધી ફરમાવ્યું છે કે, ક્રોધ-કષાયને પોતાના હૈયે સંઘરી રાખનાર જૈન હોઇ શકે નહિ. સાંવત્સરિક પ્રતિક્રમણ પછી પણ એકાદ વ્યક્તિ સાથેનાં વેર-ઝેર કે અબોલા ચાલુ રાખનારો જૈન સંઘમાંથી આપોઆપ રદબાતલ થઇ જાય છે. કષાયની આનાથી વધારે ખતરનાકતા બીજી કઇ હોઇ શકે ?

પર્યુષણ એ આપણાં મનની, જીવનની, આત્માની પરીક્ષા છે, પરીક્ષા જ નહીં, પણ મહાપરીક્ષા છે, આ પરીક્ષા વિલક્ષણ જાતની છે. પરીક્ષામાં સામાન્ય રીતે વધુમાં વધુ યાદ રાખવાનું હોય, ગોખવાનું હોય, પણ પર્યુષણની પરીક્ષામાં તો ભૂલી જાઓ, બીજાની ભૂલોને પણ ભૂલી જાઓ.

બાર-બાર મહિના સુધી ધર્મની આરાધનાઓનું જેટલું લેશન કર્યું છે, એની પર્યુષણમાં સાત દિવસ સુધી પરીક્ષા લેવાશે. આઠમા દિવસે એનું રિઝલ્ટ આવશે. એમાં એક ક્ષમાપનાનાં સબ્જેક્ટમાં ફેઇલ થયાં, તો સંપૂર્ણ ફેઇલ ગણાઇશું. સ્કૂલની પરીક્ષામાં નાપાસ થયા, તો એક વર્ષ બગડી જાય. એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં નાપાસ થયા, તો કદાચ કૉલેજમાં એડમિશન નહીં મળે. પણ જીવનની આ પરીક્ષામાં નાપાસ થયા, તો જન્મજન્માંતરો સુધી સદ્ગતિમાંય ''એડમિશન'' નહિ મળે ને અનેક જિંદગીઓ હારી જશું. હારવું કે જિતવું એ આપણે નક્કી કરવાનું છે.

***''ધરતી હમે સહના સિખાતી હૈ,***
***સરિતા હમે બહના સિખાતી હૈ ।***
***ક્ષમા કી અનુપમ ભવ્યતા હમે***
***આદમી બનકર રહના સિખાતી હૈ ।''***
***ખમો અને નમો....***

***('કલ્યાણ'માંથી સાભાર)***

**પર્વાધિરાજ પર્વ પ્રસંગે સૌને અંતઃકરણના મિચ્છામિ દુક્કડમ્....**
**- 'પ્રકાશ-સમીક્ષા' પરિવાર**

## લક્ષ્મીચંદ ધારશી મોતા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
## ''રાજલક્ષ્મી'' આરોગ્યધામ – પંચગની

# ઉદ્‌ઘાટન (૧૫.૪.૨૦૧૩) અને સમાજને અર્પણ (૧૫.૮.૨૦૧૩)

શ્રેષ્ઠીવર્ય લક્ષ્મીચંદભાઇ બાળકો સાથે વેકેશનમાં મહાબળેશ્વર ફરવા જતા ત્યારે ૪૦ વર્ષ પહેલાં પંચગનીમાં સવા એકરનો પ્લોટ ખરીદયો હતો. વ્યવસાયિક વ્યસ્તતાને કારણે તે પ્લોટ વિકસાવવાનું મોડું થયું. થોડા વર્ષો પહેલાં પોતાનો બંગલો **'મોતા પેલેસ'** બંધાવ્યો ત્યારે સદર પ્લોટમાં સમાજ માટે સેનેટેરીયમ બનાવવાનું પુત્ર ધીરેન અને લક્ષ્મીચંદભાઇએ વીચારેલું સને ૨૦૦૮માં ધીરેનના અકસ્માતે અકાળ નિધન પછી લક્ષ્મીચંદભાઇએ પુત્રની યાદમાં આ પ્રકલ્પ પૂરો કરવાનું નક્કી ક્ર્યું અને ચાર વર્ષની મહેનતે **રાજલક્ષ્મી આરોગ્યધામ** તૈયાર થયું. મહિને/બે મહિને ૮૬ વર્ષ વયે લક્ષ્મીચંદભાઇ પંચગની રોકાતા અને પોતાની નિગરાણી હેઠળ કાર્ય પાર પાડ્યું. આરોગ્યધામમાં વપરાયેલ ટાઇલ્સ્, ફર્નીચર, ઇલે. એસેસરીઝ, ઇન્ટીરીયર ડેકોરેશન, બાથરૂમ ફીટીંગ સર્વેની પોતાની સુઝબુઝ અનુસાર પસંદ કરી, સેવન સ્ટાર હોટલ સમકક્ષ રૂમને ફીટીંગ્સ્ તેમની કુશળતાની નિશાની છે. પાણીના સ્ટોરેજ માટે બે વિશાળ અંડરગાઉન્ડ ટાંકીઓ, ગરમ પાણી માટે સોલાર સીસ્ટમ પણ ભવિષ્યના પ્લાનીંગને દ્યોતક છે.

આરોગ્યધામમાં ૨૨ રૂમ છે. દરેક રૂમને સુંદર બાલ્કની છે. દરેક રૂમમાં ત્રણ જણ માટે વ્યવસ્થા છે. ચોથી વ્યક્તિના સમાવેશની પણ વ્યવસ્થા છે. ૧ ડબલબેડ, ૧ સીંગલબેડ, ટીપાઇ, ખુરશીઓ, કપડાં સૂકવવા સ્ટોલનું સ્ટેન્ડ, કપડાં-સમાન રાખવા કપબોર્ડ, ચંપલ સ્ટેન્ડ, વોલક્લોક, હેંગર, એરફ્રેશનર, સ્લીપર, ગુડનાઇટ વગેરે સુવિધાઓ રૂમમાં ઉપલબ્ધ છે. આરોગ્યધામ પરિસરમાં અત્યંત આધુનિક રસોડું અને ભોજનકક્ષ કોમન ટી.વી.રૂમ, ફૂવારો તથા બેસવાની સગવડ ધરાવતું વિશાળ ગાર્ડન, મીની ઇન્ડોર ગેમ કક્ષ, ટેબલટેનીશ, કેરમ, ચેસ, બેડમીન્ટન, બાળકોને રમવા માટે ગેમ, ગાર્ડન, લાયબ્રેરી, પ્રોગ્રામ માટે આધુનિક સાઉન્ડ સીસ્ટમ વગેરે સગવડો ઊભી કરાઇ છે. કેટલીક વ્યવસ્થાઓ વરસાદ પછી કાર્યાન્વિત થશે. આરોગ્યધામનો લાભ હાલમાં કચ્છી જૈન પરિવારો હવાફેર તથા શારીરિક-માનસિક આરામ માટે લઇ શકશે ૩,૪ કે ૭ દિવસના પેકેજ અનુસાર બે મહિના પહેલાં રૂમ મુંબઇ ઓફિસેથી બુક કરાય છે. (વેકેશન દરમ્યાન ૭ દિવસના પેકેજ નહીં ફાળવાય) બુકીંગ માટે સંપર્ક : મુંબઇ (૦૮૮૭૯૯૭૭૭૦૯). પંચગની આરોગ્યધામના નં. ૦૮૮૭૯૯૭૭૭૦૮.

ચૈત્ર શુદ ૫ને તા.૧૫.૪.૨૦૧૩ના શુભ દિવસે પરિસરમાં પ્રભુ પધરાવી પૂજા ભણાવવામાં આવી હતી. ગુરુવર્ય પૂ. મોતીસાગરજી મ.સા. આશિર્વાદ આપવા ખાસ પધાર્યા હતા. સમસ્ત શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા પરિવાર, સગાંવહાલા અને સંબંધીઓ પધાર્યા હતા. મુંબઇ મહાજનશ્રીના પ્રમુખ શ્રી નયન ભેદા ઉપપ્રમુખ શ્રી પારસ મૈશેરી માનદ્‌મંત્રી ચેતન મોતા તથા સર્વશ્રી રાયચંદ ધરમશી, કિરીટ લાપસિયા, છત્રપતિ દંડ, ભુપેન્દ્રભાઇ દંડ, વિનોદ ધુલ્લા, જયેશ જૈન, જયંત સોની, કલ્પેશ મોતા, પ્રતાપ ચાંપશી લોડાયા, હીરાચંદ વેલજી પટેલ, સોમચંદ વેલજી લોડાયા, વીરચંદ ચાંપશી ધરમશી વગેરે શ્રેષ્ઠીવર્યો ખાસ પધાર્યા હતા. યશોધન ૭૨ જિનાલય ટ્રસ્ટના મે. ટ્રસ્ટી શ્રી રવિભાઇ સંગોઇ અને શ્રી બકુલ ગંગરની હાજરી પણ ઉત્સાહપ્રેરક હતી. વડાલા અચલગચ્છ સંઘના બધા ટ્રસ્ટીઓ, મોતા પરિવારના સભ્યો પણ હાજર રહ્યા હતા. મોતા પરિવાર તથા વડાલા સંઘ દ્વારા મા. રાજબાઇ તથા લક્ષ્મીચંદભાઇનું અનુમોદન કરાયું હતું. લક્ષ્મીચંદ ધારશી પરિવાર વતીથી પધારેલા સૌ મહાનુભાવોનું પુષ્પગુચ્છ દ્વારા અભિવાદન કરાયું હતું. તે બાદ શુભ મુહુર્તે મા. રાજબાઇ તથા શેઠશ્રી લક્ષ્મીચંદભાઇએ સૌની હાજરીમાં આરોગ્યધામનું ઉદ્‌ઘાટન ક્ર્યું હતું. સૌએ આરોગ્યધામના રૂમો અને સગવડો જોઇને આનંદ વ્યક્ત ક્ર્યો હતો. ભોજનને ન્યાય આપી સૌ માન્યવરો મુંબઇ તરફ રવાના થયા હતા.

રસોડું એવમ કેટલીક સુવિધાઓ પુર્ણ થતાં રવિવાર તા.૧૫.૮.૨૦૧૩ના શુભ દિવસે આરોગ્યધામને સમાજ માટે અર્પણ કરાયું હતું. માન્યવર અતિથિઓના દ્વારા ધ્વજવંદન બાદ તે દિવસથી આરોગ્યધામનો લાભ લેનારા પરિવારોને, પંચગનીના સમસ્ત જૈન અને ગુજરાતી કુટુંબોની હાજરીમાં આવકારવામાં આવ્યા હતા. લગભગ ૧૦૦ જેટલા સ્થાનિક ભાઇ-બહેનો પધાર્યા હતા. પંચગનીના જૈન સમાજના ટ્રસ્ટી શ્રી મોહનભાઇ ભંડારી, કચ્છી અગ્રણી શ્રી હીરજીભાઇ ગાલા, પ્ર.સ.ના તંત્રી શ્રી રાયચંદ રતનશી નાગડા, લક્ષ્મીચંદભાઇના વ્યવસાયિક સહયોગી શીપીંગ કંપનીના મેનેજર શ્રી ધામણકર સાહેબે પ્રાસંગિક આર્શિવચન આપ્યા હતા. પંચગનીના જૈન સમાજ તરફથી આવું સુંદર આરોગ્યધામ પંચગનીમાં શરૂ કરવા બદલ મા. રાજબાઇ તથા લક્ષ્મીચંદભાઇનું અભિવાદન કરાયું હતું. આપણી જ્ઞાતિના હેમંત મોતા (લોનાવલા) રસોડું સંભાળે છે.

પંચગની આસપાસના ફરવાના સ્થળ તેમજ મહાબળેશ્વર માટે ટેક્સીની વ્યવસ્થા થઇ શકે. **રૂમ ચાર્જ ૮૦૦** પ્રત્યેક દિવસના (વેકેશન દરમ્યાન રૂા.૧૦૦૦), પાર્કિંગ ચાર્જ : કાર દીઠ રૂા.૫૦/- એક દિવસના, મિનીબસ દીઠ રૂા.૧૦૦/- એક દિવસના, ભોજનના કુપન અને ટેક્સી બુકીંગ માટે સવારના ૯ થી ૧૦ અને રાતના ૮ થી ૯ દરમ્યાન મેનેજરનો સંપર્ક કરવો.

**સંકલન : રમેશ મોતા**

# કે.ડી.ઓ. વેલ્ફેર એસોસીએશન

કાર્યાલય : C/o. એ-૧૩/૧૦, અપુર્વ એપાર્ટમેન્ટ, ગોવર્ધનનગર, એલ.બી.એસ. માર્ગ, મુલુન્ડ (પ), મુંબઇ-૮૦.

| | | | |
|---|---|---|---|
| પ્રમુખ | : કિશોર જી. કાયાણી (મુલુન્ડ) | મો : 9821915545 |
| ઉપપ્રમુખ | : શરદ એચ. મોમાયા (હુબલી) | મો : 9448116002 |
| માનદ્‌મંત્રી | : દીપક જી. ડાઘા (મુલુન્ડ) | મો : 8976017830 |
| સહમાનદ્‌મંત્રી | : સતીષ પી. લુઠીયા (ગદગ) | મો : 9845258214 |
| કોષાધ્યક્ષ | : કાંતિલાલ એલ. વિકમશી (મુલુન્ડ) | મો : 9833068881 |

## ૨૩-૨૩ વર્ષથી વિશ્વાસપુર્વક આગળ વધતી ક.દ.ઓ. સામાજિક સુરક્ષા યોજના

**સર્વે જ્ઞાતિજનોને ડબલ ધમાકા ખુશખબર... છેલ્લા ૧૮ વર્ષથી ડીપોઝીટ ફીમાં કોઇ વધારો નહીં.**

**જિંદગીમાં ફક્ત એક જ વખત ભરવાની રકમ રીફંડેબલ ડીપોઝીટ રૂા.૨૦૦૦/- અને + સભ્ય ફી રૂા.૨૦૦/-**

**હવે લાભાંશની રકમ રૂા.૬૦ હજારને બદલે રૂા.૭૫ હજાર**

**તથા**

**અકસ્માતે અવસાનના કેસમાં રૂા. ૭૫ હજારનું વળતર**

## નિવૃત થતા સભ્યોને ડીપોઝીટ રીફંડ સાથે સાથે ડીપોઝીટના ૧૦૦% સુધીનું બોનસ

છેલ્લા ૨૩ વર્ષમાં **૯૧૦૦**થી વધારે જ્ઞાતિજનો આ યોજનામાં જોડાયા છે. **૨૫૭** સભ્યોનું સભ્યપદ દરમ્યાન અવસાન થતા તેમના નોમીનીઓને **રૂા.૧૨૭** લાખ જેટલી લાભાંશની રકમ ચુકવવામાં આવેલ છે. તથા અકસ્માતે અવસાનના **૨૪** દાવા ચુકવવામાં આવેલ છે. ઉપરાંત યોજનામાં આજ સુધીમાં **૨૦૭૫** સભ્યો રીટાયર થયા છે. તેમને તેમની ડીપોઝીટની રકમ પરત કરવામાં આવી છે. સંસ્થાનો વહિવટ જ્ઞાતિજનોમાંથી નિયુક્ત કરાયેલા જનરલ બોડી તથા મેનેજીંગ કમીટીના સભ્યો દ્વારા કુશળતાપુર્વક કરવામાં આવી રહ્યો છે. ૫૩ વર્ષ સુધીના જ્ઞાતિજનો આ યોજનાના સભ્યો બની શકે છે. જો ૬ થી ૫૫ વર્ષની વય દરમ્યાન સભ્યનું અવસાન થાય તો તેના નોમીનીને હવે રૂા.૭૫૦૦૦નું લાભાંશ અપાય છે તથા અકસ્માતે અવસાન થાય તો વધારાનું રૂા.૭૫૦૦૦ નું વળતર અપાય છે. ઉપરાંત હવે નીચે મુજબ નિવૃત થયેલા અને થનારા સભ્યોને લોયલ્ટી બોનસ અપાય છે.

| સભ્યપદ મુદત | બોનસ | સભ્યપદ મુદત | બોનસ |
|---|---|---|---|
| ૫ થી ૧૦ વર્ષ સુધી........... | ૨૫% | ૧૫ થી ૨૦ વર્ષ સુધી......... | ૭૫% |
| ૧૦ થી ૧૫ વર્ષ સુધી......... | ૫૦% | ૨૦ વર્ષથી વધારે............... | ૧૦૦% |

આ બોનસ અત્યાર સુધી જે ૨૦૭૫ સભ્યો રીટાયર થઇ ચુક્યા છે તેમને પણ ઓક્ટોબર ૧૩માં ચુકવવામાં આવશે. આવા સર્વે જ્ઞાતિજનોને પોતાના નામ, સરનામાં, મોબાઇલ નંબર, સભ્યપદ ક્રમાંક, બેંક ખાતાની સંપૂર્ણ વિગત kdosss@yahoo.in ઈમેલ પર અથવા 8976017830 (મુંબઇ), 09448090307 (હુબલી)મોબાઇલ પર SMSથી મોકલવા વિનંતી છે. ઘણા નિવૃત/પ્રવૃત સભ્યોના સરનામાં બદલાઇ ગયા હોવાથી ઉપરોક્ત માહિતી જરૂરી છે. સાથ સહકાર આપવા વિનંતી છે. જે કુમારિકા બહેનો સભ્ય બની છે અને હવે તેમના લગ્ન થઇ ગયા હોય તો તેમણે પોતાની વિગત ઉપરના ઈમેલ/મોબાઇલ પર મોકલવા વિનંતી છે જેથી તેમને નામ બદલનું ફોર્મ મોકલાવી નામ બદલી કરી શકાય. નવા સભ્યપદ માટે ફોર્મમાં ફેરફાર કરવામાં આવ્યો છે. હવેથી નવા ફોર્મ વાપરવા વિનંતી છે. ફોર્મ સાથે આપનો એક ફોટો, પેનકાર્ડની કોપી, આઇડેન્ટીટી પ્રુફ તથા એડ્રેસ પ્રુફ નકલ મોકલવી જરૂરી છે તથા હવેથી ફોર્મ દીઠ રૂા.૨૨૦૦ને એકજ ચેક KDO WELFARE ASSOCIATION ના નામે મોકલવા વિનંતી છે.

### આવા ઉમદા કાર્યમાં સાથ આપવા જ્ઞાતિજનોને સુવર્ણ અવસર

જે જ્ઞાતિજનો સંસ્થાના 'EMPANELLED REPRESENATIVE' બની નવા સભ્યો બનાવી ઇન્સેન્ટીવ મેળવવા માંગતા હોય તેમણે પોતાના સંપુર્ણ વિગત ઉપર જણાવેલ ઇમેલ/મોબાઇલ પર મોકલવા વિનંતી છે. પ્રથમ વખત એક સાથે ૫ નવા ફોર્મ મોકલવા આવશ્યક છે તથા વર્ષ દરમ્યાન ૨૦ કે વધુ સભ્યો બનાવતા એમને ફોર્મ દીઠ રૂા.૨૫ (પચીસનું ઇન્સેન્ટીવ આપવામાં આવશે.

જ્ઞાતિજનોને સભ્ય બનવા માટે ઉપર જણાવેલ ઓફીસ નંબર ઉપરાંત નીચેના કાર્યકર્તાઓનો સંપર્ક સાધી શકાય છે.

| | | | |
|---|---|---|---|
| શ્રી રાયચંદ હંસરાજ ધરમશી (વરલી) | -9820084867 | શ્રી પદમકુમાર ધનજી નાગડા (હુબલી) | -9448090307 |
| શ્રી ચીમનલાલ મુલજી શિયાલ (સાયન) | -9870000566 | શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા (રાયપુર) | -9425213540 |
| શ્રીમતિ કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા (ચેમ્બુર) | -9821675772 | શ્રી ફાલ્ગુન લખમશી ખોના (ભાંડૂપ) | -9820620499 |
| શ્રીમતિ માલતી હરીશ ધરમશી (નવીમુંબઇ) | -9869289345 | શ્રી નિતીન પદમશી ડાઘા (ડોંબિવલી) | -9004391412 |
| શ્રી ચંપક રાયચંદ જીવાણી (ડોંબિવલી | -9820808077 | શ્રી હિરાચંદ કલ્યાણજી નાગડા (ભાંડુપ) | -9969828386 |
| શ્રી રમેશ હીરજી લોડાયા (ડોંબિવલી) | -9892003940 | શ્રી વીરચંદ ચાંપશી ધરમશી (મુલુન્ડ) | -9820082475 |

# પ્રતિક્રમણ શા માટે ? -પૂ.મુનિરાજશ્રી મોક્ષરતિવિજયજી મ.સા

પ્રતિક્રમણને સમજવા માટે જૈન ધર્મના કેટલાંક મૌલિક સિદ્ધાંતોને સમજવા જરૂરી છે. માત્ર એક પ્રતિક્રમણને સમજાવવા જ્ઞાનીઓએ લાખ્ખો શ્લોકો રચ્યા છે. અહીં આપણે ખૂબ જ ટૂંકાણમાં છતાં સમગ્ર રીતે પ્રતિક્રમણને સમજવાની કોશિશ કરીશું. બધા જ ભારતીય ધર્મોની જેમ જૈન ધર્મ તો સવિશેષ રીતે આત્માને જ શ્રેષ્ઠ સુખોનું ઉદ્ભવસ્થાન અને આશ્રયસ્થાન માને છે. ભીતર ધરબાયેલો આ અણમોલ ખજાનો હાંસલ કરવાની સફળ પ્રક્રિયા માત્ર જૈન ધર્મ પાસે જ છે. અનાદિ કાળથી આ વિશ્વ છે. આ વિશ્વમાં આપણું અસ્તિત્વ અનંત કાળ સુધી રહેશે. આ વિશ્વમાં અનંતાનંત આત્માઓ છે. વિશ્વ કે આત્મા નથી ક્યારેય ઉત્પન્ન થયા કે નથી ક્યારેય ખતમ થવાના ! અનાદિકાળથી આત્મામાં કર્મો (એક પ્રકારના પરમાણુઓ)ની આવ-જા ચાલુ છે. જેને ક્રમસર કર્મબંધ અને કર્મનિર્જરા કહે છે.

કર્મસંબંધ જ્યાં સુધી છે, ત્યાં સુધી આત્મા આ વિશ્વમાં ચાર ગતિઓ (દેવજન્મ-મનુષ્ય જન્મ-તિર્યંચજન્મ-નરકજન્મ)માં વારંવાર જન્મમરણાદિ દુઃખો અનુભવ્યા કરે છે, આત્માને સર્વથા કર્મમુક્ત બનાવવાની પ્રક્રિયા એટલે ધર્મ ! આત્માની સંપૂર્ણ કર્મરહિત અવસ્થા અર્થાત્ મોક્ષ ! આ જ મુક્તિ ! આ જ સિદ્ધિગતિ ! આ જ પ્રત્યેક ધર્માત્માનું અંતિમ અને એકમાત્ર લક્ષ્ય !

કોઇપણ ગતિ (જન્મ, શરીર)માં રહેલો આત્મા પ્રત્યેક સમયે કર્મ બાંધ્યા કરે છે. (સમય એટલે કાળનું અવિભાજ્ય અંગ, આંખના એક પલકારામાં અસંખ્ય સમય વીતી જાય)

કર્મબંધના મુખ્ય જે ચાર કારણોમાંથી બધા અથવા કેટલાક કારણોને વશ થઇને આત્મા કર્મ બાંધે છે, એના નામ નીચે મુજબ છે. (૧) મિથ્યાત્વ (૨) અવિરતિ (૩) કષાય અને (૪) મન-વચન-કાયાની પ્રવૃત્તિ !

(૧) મિથ્યાત્વ એટલે સંસાર-સુખોમાં ઉપાદેય બુદ્ધિ! અર્થાત્ સંસારના સુખો મેળવવા અને ભોગવવા જેવાં છે, એવી માન્યતા ! તથા દેવ-ગુરુ-ધર્મના વિષયમાં અજ્ઞાન અને કદાગ્રહ (કદાગ્રહ એટલે ખોટો, સમજ્યા વગરનો આગ્રહ)

(૨) અવિરતિ એટલે પાપત્યાગનો પરિણામ ન થવો તે ! (પરિણામ એટલે આત્મિકભાવ) જ્યારે મિથ્યાત્વ ટળે ત્યારે આત્માને સમ્યકત્વ ગુણ પ્રગટે અને પછી વ્યક્તિને સંસારસુખો ઝેર જેવાં લાગે. પુણ્યપાપ, આત્મા-પરમાત્મા, પરલોક, મોક્ષ ઉપર પૂર્ણ શ્રદ્ધા જાગે. છતાં એવું બની શકે કે, એ વ્યક્તિને પાપત્યાગનો પરિણામ ન પ્રગટે. બસ, આ જ છે અવિરતિ. મિથ્યાત્વની હાજરીમાં તો અવિરતિ હોય જ.

(૩) કષાય ચાર પ્રકારના છે. ક્રોધ (ગુસ્સો), માન (ઘમંડ) માયા (કપટ) અને લોભ (ઇચ્છા).

(૪) મન-વચન-કાયાની પ્રવૃત્તિ એટલે વિચારવું, બોલવું અને કરવું.

(૧) મિથ્યાત્વ અને (૨) અવિરતિથી માત્ર પાપકર્મ જ બંધાય (૩) ક્રોધ, માન, માયા, લોભના પ્રત્યેકના બે પ્રકાર છે. પ્રશસ્ત અને અપ્રશસ્ત. મિથ્યાત્વ ટળ્યા પછી કે નિર્બળ થયા પછી ધર્મ-આરાધના, ધર્મ-પ્રભાવના કે ધર્મ-રક્ષા માટે જે જે ક્રોધ-માન-માયા-લોભ થાય, તે પ્રશસ્ત (શુભ) કષાય. આ કષાયોથી પુણ્યકર્મ બંધાય. પોતાના ભૌતિક સુખો કે સ્વાર્થ માટે જે જે ક્રોધ-માન-માયા-લોભ કરવામાં આવે, તે અપ્રશસ્ત કષાય. તેનાથી પાપકર્મ બંધાય.

(૪) મન-વચન-કાયાની પ્રવૃત્તિ પણ બે પ્રકારની છે. શુભ અને અશુભ ! દેવ-ગુર-ધર્મની ભક્તિસેવા, આરાધના આદિ, માતાપિતા આદિ વડીલોની વિનય, દીન-દુઃખી-દરિદ્રીઓને સહાય. આવાં શુભકાર્યોમાં જોડાયેલાં મન, વચન, કાયાથી પુણ્યકર્મ બંધાય. તથા પોતાનાં સંબંધી કાર્યોમાં જોડાયેલા મન-વચન-કાયાથી પાપકર્મ બંધાય. પુણ્યકર્મ કે પાપકર્મ બંનેનો નાશ આપણું પરમ લક્ષ્ય હોવા છતાં પણ પુણ્યકર્મ મોક્ષદાયક આલંબનોની પ્રાપ્તિમાં સહાયક હોવાથી પ્રતિક્રમણ દ્વારા તો મુખ્યત્વે પાપકર્મોના વિનાશનું લક્ષ્ય રાખવામાં આવે છે.

પ્રતિક્રમણ શા માટે ? આ જાણવા માટે આવો, હજી જરા વધારે તત્વજ્ઞાન સમજીએ :- કર્મ એક પુદ્ગલ છે, પદાર્થ છે, દ્રવ્ય છે, સર્વ પ્રકારના પુદ્ગલોમાં સૌથી સુક્ષ્મ પુદ્ગલ છે :- કર્મ ! આ કર્મ-પુદ્ગલોમાં આખા વિશ્વમાં ઠસોઠસ ભર્યા પડ્યા છે. આ કર્મ એટલાં તો સૂક્ષ્મ છે કે, વિશિષ્ટ જ્ઞાની સિવાય કોઇ એને ક્યારેય કોઇ પણ રીતે જોઇ શકે નહીં.

જ્યારે પણ કોઇ આત્મા કર્મ બંધનનાં ઉપરોક્ત ચારમાંથી કોઇ કારણને વશ થઇ જાય, ત્યારે તેને કર્મ બંધાય છે. "બંધાય" એટલે શું થાય ? એ શાસ્ત્રમાં ઉદાહરણથી સમજાવ્યું છે. માની લો કે, ચુંબકીય શક્તિ ધરાવતો લાખંડનો એક નાનો ગોળો છે, અને કેટલીક ટાંકણીઓ છે.

હવે - (૧) આ ગોળો પોતાના ચુંબકીય પ્રભાવથી ટાંકણીઓને પોતાની તરફ ખેંચે છે. ટાંકણીઓ એને ચોંટી જાય છે. (૨) આ ગોળને ટાંકણીઓની સાથે તારથી બાંધી દેવામાં આવે છે. (૩) ત્યાં કાટ લાગી જાય છે, અને (૪) આગમાં નાખીને તે બધાને પિગળાવીને એકરસ બનાવી દેવામાં આવે છે. અહીં ગોળો એટલે આત્મા અને ટાંકણીઓ એટલે કર્મ ! કર્મ બંધનના આ પ્રકારોને શાસ્ત્રમાં ક્રમસર (૧) સ્પૃષ્ટ (૨) બદ્ધ (૩) નિધત્ત અને (૪) નિકાચિત

શબ્દોથી ઓળખાવવામાં આવ્યા છે. પાપ અથવા તો પુણ્યકર્મ બાંધતી વખતે આત્માના અધ્યવસાયો (આનંદ-શોક આદિ ભાવો, રૂચિ, માન્યતા, સંવેદના, આંતરિક પરિણામો)ની તીવ્રતા કે મંદતાને આધારે સ્પૃષ્ટ કર્મબંધન થાય છે.

જૈન શાસનમાં તો કર્મ વિષયક સેંકડો ગ્રંથો છે. હવે આજ ક્રમમાં જૈન ધર્મની એક અન્ય વિશેષતા પણ નિહાળીએ. અન્ય ધર્મો માને છે કે, બંધાયેલા પાપપુણ્યનું ફળ ભોગવવું જ પડે છે. જ્યારે જૈન ધર્મ માને છે કે, પુણ્યકર્મ કે પાપકર્મ જો નિકાચિત સ્વરૂપે ન બાંધ્યા હોય, તો ફળ ભોગવ્યા વિના જ આત્મામાંથી દૂર કરી શકાય છે. કેવી રીતે ? દા.ત. માની લો કે, તમે મજબૂરીથી કે સામાન્ય રસપૂર્વક અભક્ષ્ય (જંતુમય) ભોજન લીધું. તમને પાપકર્મ બંધાયું. હવે પરમાત્માના ઉપદેશોને યાદ કરીને જો તમે (૧) પશ્ચાતાપ (ખેદ, દુઃખ, વ્યથા) અનુભવતા હો (૨) પોતાના પાપોની નિન્દાપૂર્વક શ્રદ્ધાઆદિ ભાવોથી પ્રતિક્રમણ કરી લેતા હો અને (૩) ગંભીર જ્ઞાની ગુરુદેવને પોતાના એ પાપોનું નિવેદન કરીને પ્રાયશ્ચિત કરી લેતા હો, તો બંધાયેલું પાપકર્મ, ફળ આપ્યા વગર જ આત્મામાંથી દૂર થઇ જાય એ સંભવ છે એટલે જ જ્ઞાનીઓ કહે છે કે, પળેપળ સાવધાન અને જાગરૂક રહો. બને ત્યાં સુધી પાપ વિચારોને મનમાં ઊઠવા જ ન દો. શુભસ્થાને, શુભ આલંબનો વચ્ચે, શુભ પ્રવૃત્તિઓમાં રમતા રહો, કદાચ પાપવિચારો જાગે અને સ્વાધ્યાય ભાવનાઓ આદિ ઉપાયો કરવા છતાં ન જ શમે, તો પાપ પ્રવૃત્તિઓ કરતી વખતે હૈયે એનું દુઃખ સતત જાગતું રાખો, એથી જે પાપકર્મ બંધાશે, તે સ્પષ્ટ, બદ્ધ કે નિધત્ત જ રહેશે. તેને પશ્ચાતાપ , પ્રતિક્રમણ અને પ્રાયશ્ચિત દ્વારા નષ્ટ કરી શકાશે. અને આ પશ્ચાતાપ આદિ તરત જ કરી લો. કેમ કે (૧) આયુષ્યનો કોઇ ભરોસો નથી અને (૨) કર્મ ક્યારેક તત્કાળ પણ ઉદયમાં આવી શકે છે.

પ્રતિક્રમણ પાંચ છે. દેવસિક (સાંજે), રાત્રિક (સવારે) પાક્ષિક (પંદર દિવસે), ચાતુર્માસિક (ચાર મહિને) અને સાંવત્સરિક (વર્ષે) ! જેમ ઘર આદિમાં રોજ સફાઇ કરવા છતાં ઘરને અમુક અમુક સમયે વિશેષરૂપ સાફ કરવામાં આવે છે, તેમ આત્માને પણ શુદ્ધ રાખવા આ પંચ પ્રતિક્રમણની વ્યવસ્થા છે.

“વંદત્તુ” સૂત્રમાં એક સુંદર શ્લોક છે : આવસ્સએણ એએણ અર્થાત્ ઘણાં કર્મોથી બંધાયેલો હોવા છતાં શ્રાવક અલ્પ સમયમાં જ સર્વકર્મોથી પ્રતિક્રમણ દ્વારા મુક્ત થઇ શકે છે. “પ્રતિક્રમણથી આત્મશુદ્ધિ” નો આ ઉપદેશ અને આચાર શ્રી તીર્થંકર ભગવંતનો છે. તથા સૂત્રોની રચના શ્રી ગણધર ભગવંતોની છે. એટલે પ્રતિક્રમણની ઉપયોગિતા અને સૂત્રોની ફળદાયકતા વિશે વધારે કશું જ કહેવાની જરૂર નથી. પ્રતિક્રમણના સર્વ સૂત્રો પ્રભાવશાળી છે, મંત્રમય છે !

***ક્રમશ : ('કલ્યાણ'માંથી સાભાર)***

## શ્રી ક.દ.ઓ. જૈન ગોડિયા પાર્શ્વનાથાજી સખી મંડળ

### રાપરગઢવારી-નાની સિંધોડી

સખી મંડળ દ્વારા **તા.૨૨.૯.૨૦૧૩**ને રવિવારના શુભ દિને યાત્રા પ્રવાસ **પાર્શ્વ-પ્રજ્ઞાલય-તળેગાવ** થાણાથી ૧૩૦ કિ.મી. અંતરે આવેલ તીર્થ ખાતેનું આયોજન નિર્ધારિત કરેલ છે. જેની જાણકારી રાપરગઢવારી-નાની સિંધોડીના ગામવાસીઓ તથા નીયાણી બહેનોએ લેવા વિનંતી. યાત્રાનો નકરો : વ્યક્તિ દીઠ રૂપિયા ૧૫૦/- રાખેલ છે. વહેલા તે પહેલા ધોરણે નામ નોંધાવવા.

### યાત્રા પ્રવાસની અંદાજિત રૂપરેખા

સવારના ૮.૩૦ કલાકે ઘાટકોપર/મુલુન્ડ/ડોંબિવલી સ્થાનેથી બસ દ્વારા આરંભ થશે. સવારના ૧૦.૩૦ કલાકે ત્યાં દેરાસરજીમાં સ્નાત્ર, પ્રભુજીની પૂજા કરી બપોરના ૧૨.૩૦ કલાકે સાધર્મિક ભક્તિનો લાભ, બપોરના ૨ કલાકે પુજા અનુષ્ઠાન, બપોરના ૩.૩૦ કલાકે ચા-નાસ્તો, સાંજના ૫.૩૦ કલાકે ચૌવિહાર સમાપ્ત કરી મુંબઇ તરફ પ્રયાણ. ભાગ્યશાળીઓ પોતાના નામો **તા.૧૫.૯.૧૩** પહેલા સખી મંડળના અધિકારીશ્રીઓને લખાવી લેવા વિનંતી.

**-: સંપર્ક :-**

| | |
|---|---|
| **પ્રવિણાબેન હીરાચંદ નાગડા** | **09819411450** |
| **પ્રેમિલાબેન પ્રફુલ મૈશેરી** | **09821940373** |
| **સરલાબેન ભવાનજી લોડાયા** | **09619707179** |

।। શ્રી ચંદ્રપ્રભસ્વામીને નમો નમઃ ।।

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન નલિયા-કચ્છ

*તમારા સહયોગથી કરશું આરાધના, પર્યુષણ પર્વમાં તમારી ધર્મભાવનાને અમારું અનુમોદન...*

**પૂ. સાધ્વીશ્રી દિવ્યકિરણાશ્રીજી મ.સા.ના ઉપદેશથી....**

**સં.૨૦૬૯ ચાતુર્માસમાં વિવિધ ફંડ-ફાળામાં આવેલ રકમના દાતાશ્રીના નામોની યાદી**

## પ્લેટીનમ દાતાશ્રી રૂા.૨૫૦૦૦/-

| દાતાશ્રીનું નામ | હસ્તે | ગામ |
|---|---|---|
| માતુશ્રી ગુણવંતીબેન દામજી લોડાયા | અ.સૌ. મીનાબેન નરેન્દ્ર લોડાયા | મુલુન્ડ |
| અ.સૌ. મીનાબેન શાંતિલાલ નાગડા | અ.સૌ. અમી નીરજ નાગડા તથા દર્શન | માટુંગા |
| માતુશ્રી કસ્તુરીબાઇ ડુંગરશી ખોના | ગુલાબ ડુંગરશી ખોના | સેંધવા |
| માતુશ્રી સોનબાઇ ગુલાબચંદ માણાવાલા (નાગડા) | વિજય (રાજા) ગુલાબચંદ નાગડા | માંડવી |
| શ્રી વીરચંદ નારાણજી પટેલ (નાગડા) | સહપરિવાર | હુબલી |

## ગોલ્ડન દાતાશ્રી રૂા.૧૧૦૦૦/-

| | | |
|---|---|---|
| શેઠ શ્રી વર્ધમાન જીવરાજ નાગડા | સહપરિવાર | ગાંધીધામ |
| શ્રી લક્ષ્મીચંદ ધનજી ધરમશી | સહપરિવાર | હુબલી |
| શ્રી મણીલાલ દામજી ધુમ (નાગડા) | કાનજી મણીલાલ ધુમ (નાગડા) | ભરૂચ |
| શ્રી જવેરચંદ જેઠાભાઇ લોડાયા | સહપરિવાર | ગાંધીધામ |
| શ્રી ખેમેન્દ્ર ધનજી નાગડા | ખેમેન્દ્ર ધનજી નાગડા | હુબલી |
| શ્રી દામજી વિશનજી લોડાયા | અ.સૌ. સુનંદા વિજય લોડાયા | કોઇમ્બતુર |
| શ્રી ખેતશી પદમશી મોતા | ઉમેશ ખેતશી મોતા | ઘાટકોપર |
| શ્રી જેઠાભાઇ દેવણાંધ છેડા | સહપરિવાર | મુલુન્ડ |
| માતુશ્રી જયાબેન ઝવેરચંદ લોડાયા | અ.સૌ. હીનાબેન મનોજ લોડાયા | અંધેરી |
| માતુશ્રી સરલાબેન જયચંદ લોડાયા | ધનેશ તથા જતીન લોડાયા | ઘાટકોપર-ચેમ્બુર |
| માતુશ્રી હીરાબાઇ જયચંદ નાગડા | અ.સૌ. નિર્મલા નરેન્દ્ર નાગડા | માટુંગા |
| માતુશ્રી લીલાવંતીબાઇ ભવાનજી નાગડા | અ.સૌ. કાશ્મીરા રવિન્દ્ર નાગડા | થાણા |
| માતુશ્રી પુષ્પાબેન ગોવિંદજી મોમાયા | અ.સૌ. નૌકાબેન મયંક મોમાયા | જુહુ |
| માતુશ્રી દીમુબાઇ પદમશી મોતા | સહપરિવાર | કલીકટ |
| માતુશ્રી બાંયાબાઇ શામજી મોતા | પ્રશાંત, હેમંત, જયંત | લોનાવાલા |
| માતુશ્રી ખેતબાઇ લખમશી મોતા | સહપરિવાર | નલિયા |
| માતુશ્રી વેજબાઇ સોમચંદ નાગડા | સહપરિવાર | ગાંધીધામ |
| માતુશ્રી વિજયાબાઇ ત્રીકમજી છેડા | સહપરિવાર | હુબલી |
| માતુશ્રી ચંદનબેન જાદવજી ધરમશી | મુકેશ જાધવજી ધરમશી | ડોંબિવલી |
| માતુશ્રી બાંયાબાઇ ધનજી નાગડા | દિનેશ તથા અનીલ નાગડા | વડોદરા |
| અ.સૌ. પલ્લવી ચેતન ખોના | ચિ. આદિત તથા કુ. કૃતિકા | ગોરેગામ |
| માતુશ્રી નવલબેન દેવજી શાહ (મૈશેરી) | સહપરિવાર | બેંગ્લોર |
| માતુશ્રી વાસંતીબેન નવીનચંદ્ર ખોના | અ.સૌ. ચાંદની લિતેશ ખોના | ઘાટકોપર |
| માતુશ્રી કમલાબેન લહેરચંદ છેડા | સહપરિવાર | ઘાટકોપર |
| અ.સૌ. તારામતી લહેરચંદ નાગડા | સહપરિવાર | ઘાટકોપર |
| માતુશ્રી જેઠીબાઇ હીરજી ખોના | સ્વ. ડૉ. વાસંતી હીરજી ખોના | માહીમ |
| માતુશ્રી વિમલાબેન મોતીચંદ લોડાયા | જેસલ તથા અપૂર્વ લોડાયા | મુલુન્ડ-ભાંડુપ |
| માતુશ્રી લક્ષ્મીબાઇ હીરજી ખોના | ચીમનલાલ હીરજી ખોના | માટુંગા |
| માતુશ્રી ધનબાઇ શામજી ધરમશી | સહપરિવાર | યવતમાલ-મુલુન્ડ |
| માતુશ્રી નવલબાઇ વીરચંદ દંડ | અ.સૌ. ઇંદુમતી શરદ દંડ | સુરત |

સામેના પાને...

## સીલ્વર દાતાશ્રી રૂા.૫૦૦૦/-

| દાતાશ્રીનું નામ | હસ્તે | ગામ |
|---|---|---|
| શ્રી સોમચંદ વેલજી મોતા | સમીર મોતા | નલિયા |
| શ્રી રાયચંદ શામજી ડાઘા | પ્રતીક ડાઘા | નલિયા |
| શ્રી માણેકજી ગોવિંદજી નાગડા | જુગલ નાગડા | અંજાર |
| શ્રી ખીમજી ભાણજી નાગડા | નવીન તથા મહેશ નાગડા | નલિયા |
| શ્રી રામજી કુંવરજી પટેલ (નાગડા) | ભરત રામજી નાગડા | વડોદરા |
| શ્રી રમેશ શામજી નાગડા | સહપરિવાર | મુલુન્ડ |
| શ્રી માણેકજી ભવાનજી મોમાયા | સહપરિવાર | મુલુન્ડ |
| માતુશ્રી લક્ષ્મીબેન લહેરચંદ નાગડા | નયન, દર્શના, કરિશ્મા | નલિયા |
| માતુશ્રી ચંદનબેન લક્ષ્મીચંદ સાયલા | પવનકુમાર | નલિયા |
| માતુશ્રી કસ્તુરીબાઇ જીવરાજ મોમાયા | નરેન્દ્ર જીવરાજ મોમાયા | નલિયા |
| માતુશ્રી મણીબેન ઉમરશી લોડાયા | જીતેન્દ્ર ઉમરશી લોડાયા | ઘાટકોપર |
| માતુશ્રી રમીલાબેન ગોવિંદજી દંડ | મયુર ગોવિદંજી દંડ | ડોંબિવલી |
| માતુશ્રી દેવકાંબાઇ મુલજી ખોના | નવીન મુલજી ખોના | હાલોલ |
| માતુશ્રી પ્રેમીલાબેન હીરાચંદ નાગડા | પ્રજ્ઞેશ હીરાચંદ નાગડા | ડોંબિવલી |
| માતુશ્રી જયાબેન તેજપાર (તેજ) નાગડા | સહપરિવાર | ગાંધીધામ |
| માતુશ્રી લક્ષ્મીબાઇ પદમશી નાગડા | અલ્પેશ પદમશી નાગડા | નલિયા |
| માતુશ્રી જયાબેન ભવાનજી લોડાયા | કમલેશ ભવાનજી લોડાયા | માણાવદર |
| માતુશ્રી વિજયાબાઇ પદમશી લોડાયા | હરીશ પદમશી લોડાયા | અમલનેર |
| અ.સૌ. ઉષાબેન રમેશ લોડાયા | ચિ. ફાલ્ગુન તથા કુ. કિંજલ | કોઇમ્બતુર |
| માતુશ્રી કસ્તુરીબાઇ હીરજી છેડા | અ.સૌ. હેમા ગુલાબ છેડા | બેંગ્લોર |
| માતુશ્રી માધુરીબેન નવીનચંદ્ર સોનાવાલા (નાગડા) | કૌશીક તથા પ્રીત સોનાવાલા | બેંગ્લોર |
| માતુશ્રી પ્રવીણાબેન કુંવરજી છેડા | સહપરિવાર | હુબલી |
| અ.સૌ. કસ્તુરીબેન રામજી ખોના | હરીશ રામજી ખોના | ઘાટકોપર |
| માતુશ્ર સોનબાઇ લખમશી ખોના | ફાલ્ગુન લખમશી ખોના | ભાંડુપ |
| માતુશ્રી બાંચાબાઇ મેઘજી મોતા | સહપરિવાર | ભુજ-મુંબઇ |

**પર્યુષણ પર્વમાં મુંબઇથી પધારનાર આરાધકોને આવવા/જવાની**
**રેલ્વે ટીકીટના દાતાશ્રી સંઘપતિ પરિવારો**
**માતુશ્રી સરલાબાઇ લક્ષ્મીચંદ નાગડા હ. સમીર નાગડા (ઘાટકોપર)**
**માતુશ્રી લક્ષ્મીબાઇ વિશનજી છેડા પરિવાર (મુલુન્ડ)**

**લિ. શ્રી ક.દ.ઓ. જૈન મહાજન - નલિયા**
**ટ્રસ્ટીગણ**

**OUR BANK - STATE BANK OF INDIA**
Shree kutchi Dasha Oswal Jain Ganti Mahajan, Naliya
Saving A/C No. 10933790174 (Branch Code - 00438)

# સ્મરણાંજલી



જન્મ
તા. ૧.૪.૧૯૪૦

અરિહંતશરણ
તા.૧૫.૮.૨૦૧૩

**સ્વ. માતુશ્રી જયાબેન શાંતિલાલ ખોના (નલિયા-બીડ) (ઉં.વ.૭૩)**

**મુસીબતનો તાપ વેઠ્યો આપે અને શીતળ છાયા આપી અમને**
**પુરૂષાર્થ કર્યા જીવનભર આપે અને સમૃદ્ધિના ફળ અપાવ્યા અમને...**
**સ્વર્ગના સીમાડેથી આપના આશીર્વાદ અમારા પર ઉતારતા રહો અને**
**પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના....**

## શોકાતુર

પતિ : **સ્વ. શાંતિલાલ ચત્રભુજ વેલજી ખોના**
સાસુ-સસરા : **સ્વ. જયાબાઇ ચત્રભુજ વેલજી ખોના**
માતા-પિતા : **સ્વ. જેતબાઇ લક્ષ્મીચંદ ઉમરશી લોડાયા (વારાપધર-ચાલીસગામ)**
નણંદ : **કુ. વિજયાબેન ચત્રભુજ વેલજી ખોના (આણંદ)**
દેર-દેરાણી : **ગં.સ્વ. દમયંતી હીરાચંદ ચત્રભુજ ખોના (નેરૂલ)**
ભાઇ-ભાભી : **તિલોતમા રાજેન્દ્ર લોડાયા • શોભના હરીશ લોડાયા (ચાલીસગામ)**
બહેન-બનેવી : **ગં.સ્વ. લીલાવંતી વીરચંદ ખોના (હુબલી) • દમયંતી કિશોરચંદ મોતા (ભાંડુપ)**
**કુ. નિર્મલા લક્ષ્મીચંદ લોડાયા (ચાલીસગામ) • સૌ. તરલા વિનોદ લાલકા (નેરૂલ)**
**હર્ષા મહેન્દ્ર દંડ (ઇન્દોર)**

| દિકરી-જમાઇ | દોહિત્ર-દોહીત્રી | વેવાઇ-વેવાણ |
|---|---|---|
| સૌ. ભાવના મયુર | હાર્દિક | સ્વ. લતાબેન ઉપેન્દ્રકુમાર લાપસીયા (ભાવનગર) |
| સૌ. રૂપલ મહેન્દ્ર | રૂતુજા-અક્ષત-મેઘના | ગં.સ્વ. ચંદનબાઇ જીવરાજ લોડાયા (બીડ) |
| સૌ. સોનલ મનીષ | વિશાલ | સૌ. દમયંતીબાઇ કિશોરચંદ મોતા (ભાંડુપ) |
| સૌ. તેજલ કેતન | અંકીતા | સૌ. મધુરીબાઇ સુરેશચંદ સોની (કોચીન) |
| સૌ. રાજલ-રૂપેન | ગૌતમ-રિદ્ધિ | સૌ. નવલબાઇ પ્રેમચંદ છેડા (મુલુન્ડ) |
| સૌ. ડીમ્પલ રોબીન | મીત | સ્વ. કાશ્મીરાબાઇ વસંત દંડ (ઘાટકોપર) |

**તથા સમસ્ત પરિવારના જય જિનેન્દ્ર**


સૌજન્ય

| PRATIMA AUTOMOBILES | SHAH ARJAN KANJI | LAUREN SPINE CLINIC | ANKITA TOURS & TRAVELS | MODERN OCTROI SERVICES |
|---|---|---|---|---|
| Bhavnagar | Beed | Bhandup | Cochin | Mulund Checknaka |
| M : 9426162332 | M : 7588341975 | M : 9892269079 | M : 9388808259 | M : 9820162128 |

**SWEET HOME REFRESHMENT** (Nerul) **M : 9987553133**

# શ્રી ક.દ.ઓ. જૈન નલીયાવાસી જ્ઞાતિજનોનું સ્નેહમિલન-૨૦૧૪

## હાર્દિક આમંત્રણ

નલિયાના સર્વ ક.દ.ઓ. જૈન જ્ઞાતિના ગામવાસીઓ તથા નિયાણી બહેનોનું સહપરિવાર સાથેનું સ્નેહમિલન રવિવાર તા.૫.૧.૧૪ના સવારે ૯.૩૦થી ૨ દરમ્યાન શેઠ નરશી નાથા બેંક્વેટ હોલ (A/C) અનંતસિધ્ધી, ભાંડુપ (વેસ્ટ)માં આયોજીત કરેલ છે. આ પ્રસંગે આપ સૌને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે. આ જાહેર નિમંત્રણને રૂબરૂ આમંત્રણ સમજીને જરૂરથી પધારશો.

ગામવાસીઓના વર્ષ દરમ્યાન અઠ્ઠાઇ અને એનાથી વધુ મોટી તપસ્યા કે વર્ષીતપ ચાલુ હોય એમના નામ તથા શિક્ષણમાં SSC / HSCમાં પ્રથમ તથા વિશેષ ડીગ્રી (સી.એ. / ડૉક્ટર / ઈન્જીનીયર) જે હાલ નવા થયા હોય તેમના નામ નોંધાવશોજી. જેથી આ પ્રસંગે તપસ્વી બહુમાન/સરસ્વતી બહુમાનનો લાભ લઈ શકાય. આપના સહકારસહ...

**શ્રી નલીયાવાસી ડોંબિવલી મિત્ર મંડળ વતી**

| | |
|---|---|
| વિરેન્દ્ર ભવાનજી લોડાયા | 9821073830 |
| ચેતન લહેરચંદ નાગડા | 9820105078 |
| નરેશ મેઘજી છેડા | 9604304581 |
| દીપેશ લક્ષ્મીચંદ મોમાયા | 9323003032 |
| મણીલાલ ખીમજી લોડાયા | 9821175847 |
| લહેરચંદ મુરજી છેડા | 9324489222 |
| મયુર ગોવિંદજી દંડ | 9820980776 |


NEEHAR

FESTIVAL OFFER
ON HOT & COLD BOTTLES



કલર: લાલ, ગોલ્ડન, ગ્રીન, વાયોલેટ, સિલ્વર
સાઈઝ: ૩૫૦ML / ૫૦૦ ML / ૭૫૦ ML / ૧૦૦૦ ML
૧૨૦૦ ML / ૧૫૦૦ ML / ૧૮૦૦ ML

હોલસેલ ભાવ – વિશેષ ઓફર

AVAILABLE IN FIVE DIFFERENT COLOURS:
RED, GOLD, GREEN, VOILET, SILVER

SIZES AVAILABLE: 350 ML / 500 ML / 750 ML
1000 ML / 1200 ML / 1500 ML / 1800 ML

AT WHOLESALE RATES - WITH SPECIAL OFFERS

HURRY– OFFER TILL STOCK LAST

TO GET THE BEST DEAL - REACH US ON

A-508, TAKSHASHILA COMMERCIAL CENTRE, R.H.B. ROAD,
MULUND (WEST) MUMBAI 400080 INDIA
CONTACT: MR. KUNAL CHHEDA
CONTACT US: 022 - 67704628 / +91 9819288715


# શ્રી જખૌ મહાજન આયોજિત સંવતસરી વંદના

સળંગ ૪૫-૪૫ વર્ષીતપ આરાધક તપસ્વીરત્ન પ.પૂ.અ.ગચ્છાધિપતી શ્રી ગુણોદયસાગરસુરીશ્વરજી મ.સા. ને પાલીતાણા મુકામે સંવતસરી વંદના કરવા. જખૌ વાસી તથા નિયાણી બહેનો ૧૦૦ યાત્રિકો રૂા.૫૦૦/- માં પાલિતાણા યાત્રા કરવવાનું આયોજન કરેલ છે. તો વહેલો તે પહેલાનાં ધોરણે તા.૧૧ સપ્ટેમ્બર સુધી નામો લખાવવા વિનંતી.

**તા.૨૧ થી ૨૩ સપ્ટેમ્બર ૨૦૧૩**

સંપર્ક : ભરત જીવાણી - 9833921313
હિરાચંદ શિયાડ - 9320064511

**: સહયોગી સંઘપતિ :**
**માતુશ્રી મુરબાઈ વિશનજી શીવજી લોડાયા**
**હસ્તે અ.સૌ. પ્રભા હેમેન્દ્ર લોડાયા**

## પર્યુષણ સાર્થક ક્યારે બને ? - ચંદ્રસેન મોમાયા

પર્યુષણ એટલે ઉપર ઉપરથી જ નહી અંતરતલ સુધી ધર્મસાધના ક્યારે થઇ શકે ? કેવી રીતે થઇ શકે ? જ્યારે ધર્મ અને અધર્મના ખરા અર્થ સમજીએ ત્યારે જ ઉપર ઉપરથી જ નહીં પણ અંતરતલ સુધી ધર્મ થઇ શકે. વળી, તેની વિધિ જાણીએ તોજ તે થઇ શકે.

મહાવીર સ્વભાવની સચ્ચાઇને ધર્મ કહે છે અને તેથી વિપરિત જવાને અધર્મ. એક રીતે જોઇએ તો અધર્મ એ જગતની સૌથી અસંભવ વાત છે, કેમકે કોઇ પોતાના સ્વભાવને છોડી શકે ? શું આગ ઠંડી હોઇ શકે ? પાણી નીચાણને બદલે ઊંચાણ તરફ વહી શકે ?

એટલે કે પ્રથમ દૃષ્ટિએ ધર્મ જ સંભવ છે. અધર્મ અસંભવ છે કેમકે કોઇ પોતાના સ્વભાવને કેમ છોડી શકે ? વળી, સ્વભાવને છોડવો એ ભૂલ જ કહેવાય ને ? આવી ભૂલ કોઇ કેવી કરી શકે ? ભૂલ તો અજાણતા જ થઇ શકે. જાણતા કેમ ભૂલ કરી શકાય ?

મહાવીર કહે છે જાણતા પણ ભૂલ થઇ શકે કેમ? આપણે મેળવવા અને જીતવાને જીવનનો મુખ્ય ધ્યેય માનીએ છીએ. અને જેમ જેમ મળતું જાય, જેમ જેમ જીવાતું જાય તેમ તેમ અહંકાર પોષાય છે અને અહંકાર આપણને જાણી જોઇને ભૂલ કરવા તરફ લઇ જાય છે.

આ અહંકાર આપણને ઉપર ઉપરની તપશ્ચર્યા કરવા સુધી મર્યાદિત કરે છે ક્યારે અંતરતલની તપશ્ચર્યા પણ ઘણે અંશે અહંકાર પ્રેરિત હોય છે. અહંકાર હંમેશા સરળ નહીં મુશ્કેલ વાતો કરવા પ્રેરે છે ? આપણે સમજ્યા વગર પોતાની જાતનું દમન કરીએ છીએ અને આપણો અહંકાર પોષાય છે કે લોકો તેમ નથી કરી શકતા અને આપણે અસાધ્યને સાધ્ય કરી બતાવ્યું છે. અહંકારને અસાધ્યને સાધ્ય બનાવવામાં સૌથી વધુ મજા આવે છે.

ખરેખર જૈન ધર્મનું ખરું તપ સૌની અસાધ્ય લાગતા લાંબા અસ્વાભાવિક ઉપવાસો (લાંઘણ) કરવાનું નથી પણ કાયમ માટે (ભૂખ કરતા ઓછું ખાવાનું) ઉણોદરી વ્રત લેવાનું છે. એ વ્રત કરતા કરતા આપોઆપ સ્વાદેન્દ્રીય પર નિયંત્રણ આવી જાય અને આપણે સહજભાવે ખાવા-પીવાનું ન જેવું કરી નાખીએ તો તે શ્રેષ્ઠ સ્થિતિ છે. કેમકે તેનાથી ઉપર ઉપરનો નહીં પણ અંતરતલનો ધર્મ સિધ્ધ થયો હોય છે. કહે છે કે મહાવીરને સ્વાભાવિક રીતે જ ૩૦-૩૫ દિવસે એકાદ વખત ભોજનની જરૂર રહી હતી.

ઉપવાસનો અર્થ છે. ...ની પાસે રહેવું. અહીં કોની પાસે રહેવું એ બાબત હિંદુ ધર્મ કહે છે નિરાકાર પરમાત્માના કે અવતારના શરણે રહેવું, બૌદ્ધ ધર્મ કહે છે શૂન્યભાવ સમીપે રહેવું તેમ જૈન ધર્મ કહે છે આત્મભાવ સમીપે રહેવું. દેહભાવ છોડવો.

ખરેખર તો આપણી બધી જૈન બાહ્ય તપશ્ચર્યા દેહભાવ છોડવા માટે છે પણ આપણે એટલા ચાલાક છીએ કે આઠ દિવસ બાહ્યત તપશ્ચર્યા કરી આખું વર્ષ બેફામ જીવવાનું લાયસન્સ મેળવી લઇએ છીએ !

આ પર્યુષણે એવો સંકલ્પ કરીએ કે બાહ્ય તપશ્ચર્યા કરતાં પહેલાં આંતરિક તપશ્ચર્યા કરીશું. કેમકે જૈન ધર્મનું પાયાનું સૂત્ર છે પહેલાં જ્ઞાન પછી દયા કે તપશ્ચર્યા જેવી બાહ્ય ક્રિયાઓ.


M : 9833004496 / 9892581010 R : 25662750

**રાજુ ઢોલીના મિચ્છામિ દુક્કડમ્**

રાજેન્દ્ર પીતાંબર ડાઘા (વરાડીયા-ભાંડુપ) ઢોલ-શરણાઇ માટે તથા દાંડીયારાસ, લગ્ન, સામૈયું, લગ્નગીત, નવરાત્રી તથા ગરબા, સાંજી, ભાવના, પહેડી તથા પ્રાર્થના માટે મળો જ્ઞાતિના રાજુ ઢોલીને...
**સંપર્ક : એ/૨૨, પ્રેમા નિવાસ, શાસ્ત્રીનગર, એલ.બી.એસ. માર્ગ ભાંડુપ (વે), મુંબઇ-૪૦૦૦૭૮.**

**"મિચ્છામી દુક્કડમ"**

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

# અવસર સારીઝ

**અમારા બહારગામ રહેતા માનવંતા ગ્રાહકોનાં આગ્રહથી તા. ૧૫ સપ્ટેમ્બર થી તા. ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૩ સુધી તૈયાર તથા ઓર્ડરની સાડીઓ પર 10% થી 15% નું ડીસ્કાઉંટ.**

- **સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.**
- **રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ.**

**૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, અરોમા હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪.ટે.૨૪૧૬૪૨૩૯**

**સંપર્ક: દિનેશ દેઢિયા - 92234 25676**

# ચર્ચાને ચોતરે
વાચકોના સ્વતંત્ર મંતવ્યો

## અનુમોદના

પ્રકાશ-સમીક્ષા અંક નં.૩૩માં પાના નંબર ૨૦ ઉપર આવેલ આયુર્વેદિક સારવારની જાહેરાત જેની જાણકારી શ્રી મહેન્દ્ર માલશી લોડાયા (મોટી ખાવડી) તરફથી જનહિતાર્થે પ્રકાશિત થયેલ છે તે બદલ ભાઈશ્રીની ખૂબ ખૂબ અનુમોદના.

**ઘાટકોપર : ૧૭.૮.૧૩ – કલ્પેશ મોતા**

## ધાર્મિક સદ્‌ભાવ

પ્રકાશ-સમીક્ષા અંક નં.૩૨ (તા.૩થી ૯ ઓગસ્ટ ૧૩)માં તંત્રીલેખ વાચ્યો. તપાગચ્છના વિદ્વાન આચાર્યશ્રી અને અન્ય સંઘાડાઓની માનસિક સંકુચિતતાની પરાકાષ્ઠા દૃષ્ટિગોચર થાય છે. આવા અપવાદ ક્યારેક સર્વ ગચ્છોમાં અને સંપ્રદાયોમાં પણ જોવા મળે છે.

આથી વિરૂદ્ધ મૈત્રીભાવ અને બંધુત્વભાવના કોપલના શ્રી મુનિસુવ્રત સ્વામી સકલ જૈન સંઘમાં છે તે અત્રે હું રજુ કરી રહ્યો છું. કોપલમાં પૂ. સા. સુલોચનાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી જિનમંદિરનું નિર્માણ થયેલ છે. કોપલમાં જૈનોના ઘર ૧૦૮ છે. તેમાંથી ૧૦૦ ઘર તો સ્થાનકવાસી તથા તેરાપંથીઓના છે. જ્યારે મંદિરમાર્ગીના ફક્ત આઠ જ ઘર છે. જેમાં ૪ ઘર ક.દ.ઓ. જ્ઞાતિજનોના છે તે બધા એક જ પરિવારના છીએ. અત્રે ૧૮.૫.૧૧ના શ્રી મુનિસુવ્રતસ્વામી દેરાસરનો પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાયેલ. મૂળનાયકની મૂર્તિ ભરાવવાનો ચડાવો તેરાપંથ પરિવારવાળાએ લીધેલ. ફલેચુંદડી અને પ્રતિવર્ષ ધજા ચડાવવાના ચડાવા સ્થાનકવાસી પરિવારવાળાએ લીધેલ. આ ત્રણ મોટા ચડાવાઓ છોડીને અન્ય અનેક ચડાવાઓમાં પણ સ્થાનકવાસી અને તેરાપંથ સમાજવાળાઓએ લીધેલ. અત્રે મંદિરમાં ૮૦% સ્થાનકવાસી અને તેરાપંથીના શ્રાવક-શ્રાવિકાઓ પ્રતિદિન દર્શનાર્થે આવે છે. હમણાં અત્રે સ્થાનકવાસી સાધ્વીશ્રીજીઓનું ચાતુર્માસ છે. વ્યાખ્યાનમાં મંદિરમાર્ગી અને તેરાપંથીઓની પણ હાજરી હોય છે. મંદિરના ટ્રસ્ટમાં પણ મંદિરમાર્ગી, સ્થાનકવાસી અને તેરાપંથીઓના ટ્રસ્ટી છે. કોપલમાં સર્વ ધર્મ સદ્‌ભાવ, પ્રેમ અને મૈત્રીનું વાતાવરણ હંમેશા કાયમ રહે એજ મંગલ શુભકામનાઓ.

**કોપલ ૧૪.૮.૧૩ –રમેશચંદ જયચંદ નાગડા**

## દક્ષિણ ભારત એકમની સૌજન્યતા

ગદગનિવાસી શ્રી કાંતિલાલ શીવજી નાગડાના સુપુત્ર વૈભવનું કાર અકસ્માતથી ઘણાં લાંબા સમય પહેલા અવસાન થયેલ. તે સમયે દ.ભા. એકમ દ્વારા આખી જ્ઞાતિનો અકસ્માત વિમો ઉતારવામાં આવેલ પણ અત્યાર સુધી કોઇક કારણોસર વિમા કંપનીએ એનો દાવો પ્રલંબિત રાખેલ.

માનવીય કારણોસર એકમ દ્વારા આ દાવાની સંપૂર્ણ રકમ રૂા.૨૫૦૦૦ હાલમાં જ મંજૂર કરવામાં આવેલ. અને લાભાર્થી પરિવારને આ રકમનો ચેક પણ પાઠવી દેવામાં આવેલ. પોતાના મુશ્કેલ સમયમાં ઉપરોક્ત રકમ ફાળવવા બદલ લાભાર્થી પરિવાર એકમનો આભાર માને છે.

**ગદગ : ૨૦.૮.૧૩ – હરીશ શિવલાલ મુનવર**

## જ્ઞાતિ વસતિપત્રક સમિતિની સેવા

સેવાના અનેક પ્રકાર છે, વિવિધ પ્રકારના કાર્યો દ્વારા લોકો સમાજની સેવા કરે છે. કોઈ સેવા કર્યા પછી મળનારા મેવા માટે કરે, કોઇ તન-મન-ધનથી સેવા કરે પણ આપણા વસતીપત્રક સમિતિના કાર્યકર્તાશ્રીઓ બીજાનું કામ પોતે કરે છે, જે ખરેખર અનુમોદનીય, અનુકરણીય અને પ્રેરક છે.

અમે કચ્છમાં નાના ગામમાં રહીએ છીએ, તાજેતરમાંજ અમે અમારૂં સરનામું બદલાવ્યું. જેની જાણ 'પ્રકાશ સમીક્ષા' દ્વારા અમારા સગા સંબંધીઓને કરી, તે વાંચીને અમને વસતિપત્રક સમિતિની મુંબઇ ઓફીસથી ફોન આવ્યો કે તમારૂં સરનામું બદલાયું છે તો નવા વસતિપત્રકમાં તે બદલવું છે ? અમને ખુબ ખુબ આનંદ થયો આમ તો આ ફરજ અમારી છે કે, નવા વસતિપત્રકમાં નવો સરનામું લખાય તેવી જાણ કરવી, તેને બદલે સામેથી તેમણે ફોન કરી, પૂછા કરી, વિગતો માંગી અને સંમતિ માંગી. ધન્ય છે એવા સેવા કરનારાઓને. જેમના કારણે જ્ઞાતિનું નામ રોશન છે. આલી ભાવના માટે ઝુકી તો જવાય જ ને !

**છશરા : ૧૩.૮.૧૩ – જયેશ દામજી મૈશેરી**

## જન્મશતાબ્દીએ વડીલોને માનવંદના

ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષાના તંત્રીમંડળે જન્મ શતાબ્દીએ વડીલોને માનવંદનાની કટાર રજૂ કરવામાં 'ધૂળધોયાનું' ભગીરથ કાર્ય કર્યું છે. આગવી સૂઝબૂઝ અને જ્ઞાતિજનોને અવનવું હટકે પીરસવાની ખેવનાનો પરચો આપ્યો છે.

સમગ્ર યાદી નીહાળતા જાણે કે છાશ વલોવતા નવનીત ભાળ્યું અને અમારા પરિવારથી સંલગ્ન બે નામો ઊભરાઇ આંખે વળગ્યા. તે છે કોઠારાના સ્વ.હીરબાઇ નરશી ભારમલ પટેલ (લોડાયા) તેમજ વરાડીયાના સ્વ. મેઘજી દેવશી મોમાયા સગપણ નાતે અમારા વેવાણ અને વેવાઇ થાય. તેમની પુણ્ય સ્મૃતિ ચિતપર ઉપર આનંદ અને પ્રસન્નતા લાવે છે. ઉલ્લેખનીય છે કે તેમણે સીંચેલ સંસ્કારોથી તેમના સંતાનોએ જ્ઞાતિમૈયાની અનુપમ સેવાથી વડીલોનું નામ રોશન કર્યું છે ! સદગત્ સંબંધીઓને જન્મ શતાબ્દીએ માનવંદના!

**મુલુન્ડ : ૨૬.૮.૧૩ કાંતિલાલ કેશવજી મોતા**

# મહાવીરનો જૈનધર્મ જીવનવિરોધી નથી

સામાન્ય રીતે સંવત્સરના દિવસે સરકારી આદેશને પરિણામે કતલખાનાં બંધ રાખવામાં આવે છે. ઇ.સ.૨૦૧૨માં અલગ અલગ સંવત્સરીના હિસાબે કતલખાનાં કોની સંવત્સરીને દિવસે બંધ રાખવાં એ માટે સરકાર પણ મુંઝાઇ ગઇ. પરિણામે સરકારે કતલખાનાં બંધ ન રાખવાનો નિર્ણય કર્યો.

જૈન ધર્મ વિષે મને વિચાર આવ્યો કે ધર્મ તો આનંદની યાત્રા છે. ધર્મનું લક્ષ્ય તો આલંબનરહિત અતીન્દ્રિય અનંત આનંદ, અનંત પ્રેમ, અનંત શક્તિ અને અનંત કરુણાની પ્રાપ્તિ છે. એ લક્ષ્ય પર જવાના માર્ગ ઉપર આપણે ચાલીએ એટલે કે ધર્મ આરાધના કરીએ તો આપણને પણ આંશિક આનંદ, પ્રેમ, શક્તિ અને કરુણાનો અનુભવ તો થવો જ જોઇએ ને ! જેમ કે સુગંધી પુષ્પોવાળા ઉપવનમાંથી આપણે ફરીને બહાર નીકળીએ તો આપણાં કપડામાંથી થોડીક સુગંધ તો આવે જ ને ! ધર્મ આરાધના કરવા છતાં આંશિક આનંદ પ્રેમ, કરુણા કે શાંતિનો અનુભવ થતો નથી. પરિણામે તિથિના ઝઘડા, મારામારી અને એકમતિનો અભાવ ધર્મમાં જોવા મળે છે. મૂળ જૈનધર્મમાં જે વાતો હતી એ શું વિસરાઇ ગઇ છે ? ધર્મમાં જીવનવિરોધી વાતાવરણ કેમ સર્જાઇ રહ્યું છે? કોઇપણ ધર્મ જીવનવિરોધી હોય કે ન પણ હોય એનો આધાર 'ધર્મ એટલે શું?' એની વ્યાખ્યા પર આધારિત છે.

ભગવાન મહાવીરના મુખમાંથી જ્યારે વાણી ઉદ્‌ભવી કે જેનું નામ જૈનધર્મ છે એ શુદ્ધ જ હતો. એ ધર્મ અનંત આનંદ તરફ લઇ જનારો હતો, એ ધર્મ પૂર્ણતા અને અખંડિતતા તરફ લઇ જનારો જ હતો, જીવનદાયી હતો, ક્યારેય જીવનવિરોધી ન હતો.

ભગવાન મહાવીર એટલે જેનામાં સૂર્યની તેજસ્વિતા, ચંદ્રની શીતળતા, આકાશની નિર્લેપતા, મહાસાગરની ઊંડાઇ અને વ્યાપકતા, પર્વતની સ્થિરતા, નદીની ગતિશીલતા અને પુષ્પની કોમળતા હતી. આવા ભગવાન મહાવીરની વાણી એટલે જે જૈનધર્મ. આ જૈનધર્મ એના મૂળસ્વરૂપમાં ક્યોરય જીવનવિરોધી ન હોય.

આવા જૈનધર્મમાં કાળક્રમે કેટલીક એવી વાતો અને એવા નિયમોરૂપી અશુદ્ધિઓ ભળી ગઇ, પરિણામે જૈનધર્મ જીવનવિરોધી લાગવા માંડ્યો.

આવી બિનજરૂરી, જીવનવિરોધી વાતો અને નિયમો પ્રત્યે અંગુલિનિર્દેશ કરી એ બિનજરૂરી અને જીવનવિરોધી વાતો ભગવાન મહાવીરની વાણી નથી એવું દર્શાવી એવી વાતોને દૂર કરવાનું કામ, એક્વાગાર્ડનું કામ અનેકાંતવાદી અને આત્મજ્ઞાની એવા મહાન આચાર્યો જેવા કે સિદ્ધસેન દિવાકર, ઉમાસ્વામીજી, હરિભદ્રસૂરિ, હેમચંદ્રાચાર્ય, ઉપાધ્યાય યશોવિજયજી, શ્રીમદ રાજચંદ્ર વગેરેએ કર્યું. આ આચાર્યોએએ ભગવાન મહાવીરની મૂળ વાણી જેને આપણે જૈન ધર્મ કહીએ છીએ એમાં પાછળથી ભળેલી બિનજરૂરી અને જીવનવિરોધી વાતોને દૂર કરી આપણી સમક્ષ મૂળ જૈનધર્મ મૂકવાનો પ્રયાસ કર્યો.

આપણે એક તારતમ્ય ઉપર આવીએ જૈનમર્ધ એટલે ભગવાન મહાવીરની મૂળ વાણી એ જીવનવિરોધી નથી. આપણે જેને આજે જૈનધર્મ કહીએ છીએ એ જીવનવિરોધી છે કે નહીં એ આપણે તપાસવું પડશે.

મેં દેશવિદેશમાં જે કાંઇ જોયું છે, ધર્મ અંગેનાં પ્રવચનો સાંભળ્યાં છે. આત્મનુભૂતિસંપન્ન સંતો પાસેથી જે કાંઇ સાંભળ્યું છે. વિવિધ ધર્મોના ગ્રંથોનો અભ્યાસ કર્યો છે, વિચાર્યું છે, એને કેન્દ્રમાં રાખી હું જૈનધર્મ અંગે જે નિષ્કર્ષ ઉપર આવ્યો છું એ તમારી સમક્ષ મુકવા માગું છું. મારો આશય કોઇને પણ દુભવવાનો નથી છતાં કદાચ કોઇનું મન દુભાય તો આગોતરા મિચ્છામી દુક્કડં.

કોઇપણ ધર્મની પરંપરા તપાસશું તો એ પરંપરામાં ક્રમબદ્ધ પડાવ જોવા મળશે.

(૧) મૂળ પુરુષ બોલે છે.

(૨) મૂળ પુરુષના શિષ્યો સાંભળે છે.

(૩) મૂળ પુરુષની વાતો કંઠસ્થ થાય છે.

(૪) મૂળ પુરુષની વાતો યાદશક્તિના આધારે ગ્રંથસ્થ થાય છે ત્યારે એમાં મૂળપુરુષે ન કરેલી વાતો પણ મૂળપુરુષના નામે ગ્રંથસ્થ થઇ જાય છે.

(૫) આ ગ્રંથો પર ભાષ્ય રચાય છે.

(૬) ભાષ્યના આધારે અર્થઘટન થાય છે.

(૭) અર્થઘટનને પરિણામે વાદવિવાદ સર્જાય છે.

(૮) વાદ-વિવાદને પરિણામે ધર્મની વિવિધ પ્રશાખાઓ ફૂટે છે જેને આપણે સંપ્રદાય કે ગચ્છ કહીએ છીએ.

શ્રી ચંદ્રકાંત બક્ષીએ આવા પડાવનો ઉલ્લેખ એમના એક પુસ્તકમાં કર્યો છે. એક જ ધર્મની વિવિધ પ્રશાખાઓ મૂળ પુરુષને સ્વીકારે છે, પરંતુ કર્મકાંડ કે આચારના નિયમોની ભિન્નતાને કારણે પ્રશાખાઓ એટલે કે સંપ્રદાય વચ્ચે સંવાદ સધાતો નથી. જૈન ધર્મના સંદર્ભમાં જોઇએ તો ભગવાન મહાવીરના નિર્વાણ પછી લગભગ હજારમે વર્ષે એમની વાણી ગ્રંથિત થઇ કે જે આગમસૂત્રો તરીકે ઓળખાઇ.

દિગંબર પરંપરા શ્વેતાંબર પરંપરાના આગમગ્રંથોને ભગવાન મહાવીરની વાણી તરીકે સ્વીકારતી નથી. દિગંબરોનો વસ્ત્રવિહીનતાનો એટલો બધો આગ્રહ રાખે છે કે માત્ર વસ્ત્ર ધારણ કરવાને કારણે શ્વેતાંબર સાધુઓને, દિગંબરો મુનિ તરીકે સ્વીકારતા નથી. શ્વેતાંબરોમાં પણ મૂર્તિપૂજક પરંપરા મૂર્તિ અને મૂર્તિપૂજાને પુણ્ય માને છે

જ્યારે સ્થાનકવાસી પરંપરા એમ માને છે કે અમારી માન્યતા એ જ ખરો જૈન ધર્મ છે. દરેક પરંપરા પાસે પોતાની માન્યતાની તરફેણની અને બીજી પરંપરાની વિરુદ્ધની તાર્કિક દલીલો છે. શું આ શક્ય છે?

શું જૈનધર્મ જીવનવિરોધી છે? જિનેશ્વર ભગવંતોએ કોઈપણ બાબત માટે એકાંતે હા નથી પાડી કે ના નથી પાડી. એમની તો આજ્ઞા એટલી જ છે કે જીવનમાં દંભને સ્થાન ન આપો, મન-વાણી અને કાર્યમાં એકરૂપતા હોવી જોઈએ.

## ધર્મ એટલે શું?

ધર્મ પિરામીડ જેવા હોય છે. એના ચાર સ્તર હોય છે. સ્વામી સચ્ચિદાનંદે ધર્મનું વર્ગીકરણ આ રીતે કર્યું છે. (૧) પહેલું સ્તર - પિરામીડનો પાયાનો ભાગ : ધાર્મિક વાર્તાઓ જે બહુ પહોળી હોય છે. (૨) બીજું સ્તર - પિરામીડના પાયાની ઉપરનો ધર્મના કર્મકાંડ એટલે ભાગ જે અપેક્ષાએ  કે પૂજાવિધિ અને આહારને ઓછો પહોળો હાય છે લગતા નિયમો (૩) ત્રીજું સ્તર પિરામીડના મધ્યની ઉપરનો ફિલોસોફી અથવા દર્શનશાસ્ત્ર ભાગ જે અપેક્ષાએ જીવાત્મા, જગત અને ઘણો ઓછો પહોળો હોય છે પરમાત્મા વચ્ચેના સંબંધની વાતો. જગત અને જીવના સ્વરૂપ અંગેની વાતો. (૪) ચોથું સ્તર પિરમીડની ટોચનો ભાગ
આત્મસાધનાનો મર્ગ જેના જે અતિ સાંકડો હાય છે દ્વારા પરમતત્ત્વની ઝાંખી થઈ શકે છે.

**જોકે ધર્મના મર્મની વાત કરીએ તો ઉલટા ક્રમે કીધું છે :** (૧) સાધના માર્ગ (આત્મસાધના) (૨) દર્શનશાસ્ત્ર (૩) કર્મકાંડ અને આહારના નિયમો (૪) ધાર્મિક કથાવાર્તાઓ

દરેક ધર્મના સાધનામાર્ગમાં બહુ તફાવત હોતો નથી. સાધનામાર્ગનો જે પ્રવાસી છે, સાધક છે એ ક્યારેય વાદવિવાદ કે વિતંડાવાદમાં પડતો નથી. સાધકનું ધ્યેય તો દેહથી પર એવા ચૈતન્ય તત્ત્વની અનુભૂતિ કરવાનું હોય છે. પોતાના કષાયનો નાશ કરવાનું હોય છે.

મન સાફ કરવાનો એટલે કે કષાયમુક્ત કરવાના માર્ગને જ સાધનમાર્ગ કહે છે.

મારું મૂળ શું છે, હું કોણ છું. હું ક્યાંથી આવ્યો, શું સ્વરૂપ છે મારું, એની અનુભૂતિ કરાવે એનું નામ ધર્મ. આત્મસાધનામાર્ગરૂપી ધર્મ ક્યારેય જીવનવિરોધી હોઈ શકે નહીં. પોપટની જેમ પાઠ કરીએ કે હું આત્મા છું, હું આનંદસ્વરૂપ છું, હું પ્રેમસ્વરૂપ છું, તો એ સાધના માર્ગ નથી.

ધર્મ એટલે આત્મસાધનાનો માર્ગ, પોતાના સ્વરૂપમાં સ્થિરતાનો માર્ગ, દોષવિનાશ અને ગુણવિકાસનો માર્ગ, સાથે સાથે બિનજરૂરી, અકુદરતી, અવૈજ્ઞાનિક અસહજ, અસ્વીકાર. આ બધાં પાસાં જે ધર્મમાં જોવા મળે એ ધર્મ ક્યારેય જીવનવિરોધી હોઈ શકે નહીં.

દરેક પરંપરાના આત્મજ્ઞાની સંતોએ બે વાત કરી છે. આત્મસાધનાની મહત્તા દર્શાવતી પંક્તિઓ

આત્મસાધનાનો માર્ગ એટલે જ ધર્મ, એવો ધર્મ ક્યારેય જીવનવિરોધી હોય નહીં આત્મસાધક સારો પતિ, સારો પુત્ર, સારો પિતા, સારો નાગરિક જ હોય. આત્મસાધક બિનજરૂરી પ્રચલિત કર્મકાંડથી પર હોય છે.

આપણે એક તારતમ્ય ઉપર આવીએ કે જૈનધર્મ એટલે સાધનામાર્ગ, આત્મરમણતાનો માર્ગ, સ્વરૂપમાં સ્થિરતાનો માર્ગ, ગુણવિકાસ અને દોષવિનાશનો માર્ગ એટલે જ ભગવાન મહાવીરની મૂળ વાણી. આનો અર્થ એ થયો કે ખરો ધર્મ અસહજ, અકુદરતી, સ્વચ્છતાવિરોધી, વિજ્ઞાનવિરોધી બિનજરૂરી કર્મકાંડ અને નિયમોથી મુક્ત હોય છે. આવો ધર્મ જીવનવિરોધી નહીં પણ જીવનદાયી જ હોય છે. આનો અર્થ એ થયો કે મૂળમાં જૈનધર્મ જીવનવિરોધી નહીં પણ જીવનદાયી જ હતો.

**મહાવીરનો જૈનધર્મ જીવનવિરોધી નથી :** કઈ બાબતોને કેન્દ્રમાં રાખી આપણે જૈનધર્મ કે બીજા કોઈપણ ધર્મનું વર્ગીકરણ જીવનદાયી કે જીવનવિરોધી કરી શકીએ?

કોઈ પણ ધર્મની આત્મસાધના સિવાયની બાકીની ત્રણ બાબતો-ધર્મકથાઓ, કર્મકાંડ અને આહારના નિયમો તથા દર્શનાશાસ્ત્રને લક્ષમાં રાખી આપણે થોડું વિચારીએ.

દરેક ધર્મમાં કથાઓ હોય છે. એ કથાઓ દ્વારા એ ધર્મના અનુયાયીઓમાં સદ્‌ગુણોનું સિંચન થતું હોય અને દુર્ગુણોથી દૂર રહેતા હોય તો એ કથાઓ જરૂરી છે. આવી કથાઓ દ્વારા બાળકો અને બાળજીવોમાં સદ્‌ગુણોના સંસ્કાર પડતા છે. જેમ કે દાન દેવું, ક્રોધ ન કરવો, વિનય કેળવવો, સ્વચ્છતા જાળવવી, કપટથી દૂર રહેવું, જીવહિંસાથી બચવું વગેરે બાબતોનો સંદેશ કથાઓ દ્વારા મળતો હોય તો એ કથખાઓ જરૂરી છે. પછી ભલેને એ કથાઓમાં જે આલેખન થયું હોય એ હકીકતમાં ન પણ બન્યું હોય. સાંપ્રદાયિક રંગથી રંગાઈને જ્યારે કથાઓ પોતાની જ પરંપરા કે ધર્મ જગતમાં શ્રેષ્ઠ છે અનેબાકીની પરંપરાઓ કે ધર્મો કનિષ્ઠ છે એવું દર્શાવતી હોય તો એ કથાઓ અનુયાયીઓના માનસને સંકુચિત બનાવી ખોટી ભ્રમણામાં રાચતા કરી દે છે. પરિણામે અનુયાયીઓ મિથ્યાભિમાની બની જાય છે. આ વાત જીવનવિરોધી છે. આપણી ધરતીમાં જેમ પુષ્પ ખીલે છે તેમ પરદેશની ધરતી પર પણ પુષ્પ તો ખીલે જ છે ને! આપણી ભાષામાં જેમ કવિતા લખાય છે તેમ પરદેશની ભાષામાં પણ કવિતા તો લખાય જ છે ને! આપણો ધર્મ શ્રેષ્ઠ છે એવી ભ્રમણામાં રહેવાની જરૂર નથી. જૈનધર્મમાં આ પ્રકારની કથાઓ હોય તો આપણે કહી

શકીએ કે આ જીવનવિરોધી કથાઓ છે પરિણામે ધર્મને જીવનવિરોધીનું લેબલ લાગી જાય છે. (આપણી ફરજ બની જાય છે કે આવી સંકુચિત વિચારધારાઓવાળી કથાઓનું શ્રવણ બંધ કરાવવું જોઇએ. સેંકડો વર્ષો પહેલાં ધર્મો વચ્ચે કાદવ ઉછાળની ખૂબ જ પ્રવૃત્તિઓ થતી હતી અને એવાં પુસ્તકો પણ લખાતાં હતાં. વૈષ્ણવ પરંપરાના ચુસ્ત અનુયાયીઓ 'સાધવું' શબ્દોનો પ્રયોગ કરતા હતા 'સીવવું' શબ્દનો પ્રયોગ કરતા ન હતા. કારણે સીવવું શબ્દ બોલે તો એમાં શિવનું નામ આવી જાય. શહેરીજીવન અને શિક્ષણને કારણે અત્યારના સમયમાં પરસ્પર ધર્મો વચ્ચે કાદવઉછાળની પ્રવૃત્તિઓ લગભગ નહીંવતજ છે. આ એક સારું લક્ષણ છે.)

દરેક ધર્મનું દર્શનશાસ્ત્ર હોય છે અને દરેક ધર્મમાં આહારવિહારના નિયમો અને પૂજાપાઠની વિધિરૂપી કર્મકાંડ હોય છે. પ્રકૃતિ, જીવાત્મા અને પરમાત્મા વગેરે બાબતોને સાંકળી લેતી વિચારધારાને દર્શનશાસ્ત્ર, આહારવિહારના નિયમો અને કર્મકાંડને જ ધર્મ માને છે. આ જ બાબતો ધર્મને જીવનવિરોધી કે જીવનદાયી બનાવે છે.

વૈદિક પરંપરા ચાર આશ્રમોને સ્વીકારે છે : (૧) બ્રહ્મચર્યાશ્રમ (૨) ગૃહસ્થાશ્રમ (૩) વાનપ્રસ્થાશ્રમ (૪) સંન્યાસાશ્રમ. જૈન પરંપરા બે આશ્રમોને સ્વીકારે છે. (૧) બ્રહ્માચર્યાશ્રમ (૨) સંન્યાસશ્રમ. મૂળમાં વૈદિક પરંપરામાં ૭૫મે વર્ષે વ્યક્તિ સંન્યાસાશ્રમમાં પ્રવેશતો હતો જ્યારે જૈન પરંપરામાં ગમે તે ઉંમરે સંન્યાસદીક્ષા અપાય છે. હાલની વૈદિક પરંપરામાં ગમે તે ઉંમરે સંન્યાસદીક્ષા અપાય છે. એની પદ્ધતિસરની શરૂઆત લગભગ ૧૦૦૦ વર્ષર્શ પૂર્વે થઇ ગયેલા આદિ શંકરાચાર્યે કરેલી હતી. એ પરંપરા દશનામી સંન્યાસ પરંપરા કહેવાય છે જેવી કે ગિરી પૂરી, ભારતી તીર્થ આદિ. આ શબ્દો સંન્યાસીના નામની પાછળ લાગે છે.

પંડિત સુખલાલજીના મતે ભગવાન મહાવીરે જે પરંપરા શરૂ કરી અને જે કાંઇ સુધારા કર્યા એ સંન્યાસઆશ્રમને લગતા હતા, નહીં કે ગૃહસ્થાશ્રમ કે વાનપ્રસ્થાશ્રમ અંગેના સુધારા હતા. જેમ અમુક વસ્તુ શીખવા કે અમુક કોલેજમાં પ્રવેશ મેળવવા માટે અમુક કક્ષાની ચિત્તશુદ્ધિ અને ભાવદશા જરૂરી હતી. આવી ચિતશુદ્ધિ કે ભાવદશાવાળી વ્યક્તિઓએ આત્મસાધનાના માર્ગ પર આગળ વધી પરમતત્ત્વની, ચૈતન્યતત્વની, આત્મતત્ત્વની, અનુભૂતિ પ્રાપ્ત કરવી હોય તો એ અનુભૂતિ પ્રાપ્ત કરવાનો માર્ગ ભગવાન મહાવીર બતાવતા હતા. આ માર્ગ પર પ્રયાણ કરવા અમુક પદ્ધતિ અને અમુક નિયમોનું પાલન કરવું જરૂરી હતું. આપણે એમ કહી શકીએ ભગવાન મહાવીરનો મૂળ માર્ગ એટલે કે જે ગ્રેજ્યુએટ થઇ ગયો છે અને જેણે માસ્ટર્સ કે ડોક્ટરેટ કરવું છે એ માટેના માર્ગના માર્ગ હતો. સામાન્ય જનસમુદાય માટેના માર્ગ ન હતો.

કરાટેમાં પહેલી ડિગ્રીનો બ્લેકબેલ્ટ ધરાવતી વ્યક્તિને દશમી ડિગ્રીનો બ્લેકબેલ્ટ પ્રાપ્ત કરવો હોય તો એ માટેની કસરત કે પુરુષાર્થ સામાન્ય માણસ કરી શકે જ નહીં. ભગવાન મહાવીરનો મૂળ માર્ગ પણ મારી દૃષ્ટિએ અમુક ચિત્તશુદ્ધિ કે અમુક ભાવદશાવાળાઓ માટે જ હતો. ભગવાન મહાવીર દીક્ષા આપતા એટલે એવો શક્તિપાત કરતા કે યોગ્ય ભૂમિકાવાળો દીક્ષાર્થી ચોથે, પાંચમે કે છઠ્ઠે ગુણસ્થાને પહોંચી જતો હતો. પછી પોતાના પુરુષાર્થ અને પરમતત્ત્વની કૃપાથી કેવળજ્ઞાન તરફની મંજિલમાં આગળ વધતો હતો.

આજે પણ આપણે ત્યાં કહેવાય છે કે જૈન સાધુ થયા એટલે છઠ્ઠે ગુણસ્થાને પહોંચી ગયા. ભગવાન મહાવીરના જમાનામાં આ વાસ્તવિકતા હતી. આજે આ વાસ્તવિકતા નથી, એ આપણે સ્વીકારવું જ પડશે.

જેમ જેમ બહોળો સમુદાય ભગવાન મહાવીરના શાસનમાં જોડાવા માંડ્યો તેમ તેમ કાળક્રમે બહોળા સમુદાય એટલે કે ગૃહસ્થાશ્રમી માટે નિયમો ઘડાવા માંડ્યા. એ નિયમોનું મૂળ તો ચોથે ગુણસ્થાને સ્થિત સાધકના અનુસંધાનમાં જ રહ્યું. નિયમોમાં થોડીક માત્રા ઘટાડાઇ અને એ નિયમોને અણુવ્રત નામ અપાયું સાધુ માટેના નિયમો મહાવ્રત કહેવાયા.

આપણે આજે જેને જૈનધર્મ માનીએ છીએ, એ જૈન ધર્મ એટલે આહારવિહારના નિયમો, કાર્મકાંડ અને દર્શનશાસ્ત્ર. શું આજે દીક્ષાર્થી એટલે અમુક ચિત્તશુદ્ધિ ધરાવતી કે અમુક ભાવદશા ધરાવતી વ્યક્તિ એમ આપણે કહી શકીએ ખરા? જવાબ છે - ના. આજે જૈનધર્મ એટલે આત્મસાધના અને પરિણામે દોષવિનાશ અને ગુણવિકાસ એ વાત વિસરાઇ ગઇ છે. મારી દૃષ્ટિએ જૈનધર્મ કદાચ અન્ય ધર્મીઓને જીવનવિરોધી લાગતો હોય એના પાયામાં આ વિસરાયેલી વાત છે.

મારા એક જૈન મિત્રના પુત્રનાં લગ્ન અજૈન બિનગુજરાતી શાકાહારી પરિવારની કન્યા સાથે થયાં છે. કન્યાનો પરિવાર જે પંથ સાથે સંકળાયેલો છે એ પંથના કેન્દ્રમાં આત્મસાધના છે. એ પંથના નિયમો આ પ્રમાણે છે.

(૧) શાકાહાર (૨) વ્યસનોનો ત્યાગ (દારૂ, સિગારેટ, તમાકુ, સટ્ટો, જુગાર આદિ) (૩) એકપત્નીવ્રત કે એકપતિવ્રત (૪) આચારમાં સાત્ત્વિકતા (૫) હૃદયમાં પવિત્રતા (૬) મનમાં સરળતા (૭) વાણીમાં વિનય

આ પંથમાં જોડાયેલ સાધક રોજના ઓછામાં ઓછા બે કલાક આત્મસાધનામાં બેસે છે. આ પંથના વ્યક્તિએ મારા મિત્ર કે જે એમના વેવાઇ છે એમને પૂછ્યું ''તમારા જૈન ધર્મમાં સાધનાનો માગ૪ શું છે?''

મારા મિત્રએ જવાબ આપ્યો કે ''જૈનધર્મમાં ઉપવાસ આદિ વ્રતો, દેરાસરમાં પૂજા અને સામાયિક પ્રતિક્રમણ આદિ ક્રિયાઓ સાધનાનો માર્ગ છે.''

મિત્રના વેવાઇએ આ જવાબ સાંભળી પાછઓ પ્રશ્ન ક્ર્યો કે ''આ તો બધી દેહને લગતી અને થોડીક વાચિક ક્રિયાઓ છે. પણ આત્મસાધનાનો માર્ગ શું છે?'' મારા મિત્ર જવાબ આપી શક્યા નહીં. આપણે આ અંગે ગંભીરતાથી વિચારવું જોઇએ.

કોઇપણ ધર્મના નિયમો કેવા હોવા જોઇએ એનું વિવરણ હવે હું કરીશ. આ એક માર્ગદર્શિકા છે.

(૧) કુદરતના નિયમની વિરુદ્ધના ન હોવા જોઇએ.

(૨) સહજજીવનના નિયમની વિરુદ્ધના ન હોવા જોઇએ.

(૩) વિજ્ઞાનના નિયમની વિરુદ્ધના ન હોવા જોઇએ.

(૪) સ્વચ્છતાવિરોધી ન હોવા જોઇએ.

(૫) બીજાઓ હેરાન થાય એવા ન હોવા જોઇએ. જેમ કે મોડી રાત સુધી લાઉડસ્પીકર ચાલુ રાખવું.

(૬) માનવતાવાદી અભિગમવાળા હોવા જોઇએ.

(૭) અન્ય ધર્મ પ્રત્યે સહિતષ્ણુતાવાળા હોવા જોઇએ.

(૮) સ્થળ અને કાળને લક્ષ્યમાં રાખી નિયમોમાં પરિવર્તન થતું રહેવું જોઇએ. કોઇ એકાદ વ્યક્તિ માટે (લાખોમાં એક) ઉપરોક્ત નિયમોના પાલનમાં અપવાદ હોઇ શકે એ અલગ વાત છે.

કોઇપણ ધર્મના નિયમો આ કસોટીમાંથી પાર ઉતરે તો એ નિયમોનું પાલન કરનાર વ્યક્તિનું જીવન જીવનવિરોધી બને નહીં. એક વાત ખાસ લક્ષ્યમાં રાખવી જરૂરી છે કે આત્મસાધનાનો માર્ગ, દેહથી પર એવા ચૈતન્યતત્ત્વની અનુભૂતિનો માર્ગ એ જુદો માર્ગ છે. આવા નિયમાનુસાર જીવતી વ્યક્તિનું જીવન જીવનવિરોધી ન હોય, પણ એ વ્યક્તિ આત્મસાધક હોય કે નહીં એ અલગ વાત છે.

પારસમણિના સ્પર્શથી લોખંડની તલવાર સોનાની બની જાય છે. પણ તલવારની ત્રણ લાક્ષણિકતાઓ- ધાર, આકાર અને માર (મારી શકવાની ક્ષમતા) અકબંધ રહે છે. એટલે કે ત્રણ લાક્ષણિકતાઓ દૂર થતી નથી. સદાચારી અને નિયમાનુસાર જીવન જીવતા વ્યક્તિનું જીવન શોભાયમાન બની જાય છે પણ કામ ક્રોધ કે લોભ એ વ્યક્તિના જીવનમાંથી દૂર થતા નથી.

તલવારને હથોડા દ્વારા ટીપી નાખવામાં આવે તો તલવારની ત્રણ લાક્ષણિકતાઓ ધાર, માર અને આકાર દૂર થઇ જાય છે, એમ સદ્‌ગુરુ પાસેથી આત્મસાધનાનું જ્ઞાન પ્રાપ્ત કરી આત્મસાધના કરનાર વ્યક્તિના જીવનમાંથી પમ ત્રણ રિપુઓ કામ, ક્રોધ અને લોભ દૂર થઇ જાય છે.

શ્રાવકો અને સાધુઓ માટે અત્યારનો જૈનધર્મ આ પ્રમાણે છે.

**શ્રાવક-સાધુ બન્ને માટેના નિયમો :** (૧) નવકારશી (૨) ચૌવિહાર (રાત્રિભોજન ત્યાગ) (૩) એકાશન આહારને કેન્દ્રમાં રાખી થતા તપ (૪) ઉપવાસ વરસીતપ, આયંબીલ આદિ (૫) કંદમૂળનો ત્યાગ (૬) સામયિક (૭) પ્રતિક્રમણ.

**સાધુઓ માટેના વધારાના નિયમો :** (૮) દેરાવાસી ગૃહસ્થો હોય તો પૂજા કરવી. (૯) સ્થાનકવાસી ગૃહસ્થો હોય તો પૂજાનો નિષેધ. (૧૦) સ્નાન કરવું નહીં. સાધુઓ માટેના નિયમો (૧૧) બ્રશ કરવું નહીં (મુખશુદ્ધિ કરવી નહીં) (૧૨) ફોનનો ઉપયોગ કરવો નહીં. (૧૩) જાજરૂનો ઉપયોગ કરવો નહીં (૧૪) ઇલેક્ટ્રીસિટીનો ઉપયોગ કરવો નહીં. (૧૫) બ્રહ્મચર્ય વ્રત પાળવું. (૧૬) વહોરીને ભોજન લેવું (૧૭) દિગંબર સાધુ હોય તો નિર્વસ્ત્ર રહેવું. (૧૮) સ્થાનકવાસી સાધુ હોય તો મુંહપતિનો ઉપયોગ કરવો.

માત્ર આ બધા નિયમો પાળવાને કારણે શું દેહથી પર એવા ચૈતન્યતત્ત્વનો, આત્મતત્ત્વનો અનુભવ થઇ શકે? જવાબ છે - ના. પ્રતિક્રમણ એક એવી ક્રિયા છે કે જેના દ્વારા આત્મતત્ત્વનો, ચૈતન્યતત્ત્વનો અનુભવ થઇ શકે, જો એ ખરા અર્થમાં પ્રતિક્રમણ હોય તો ! સમણસૂતમાં એક ગાથા છે. ધ્યાન એ જ ખરા અર્થમાં પ્રતિક્રમણ છે. કારણ કે ધ્યાનમાં લીન થયેલા સાધુના કષાય ધીરે ધીરે નાશ પામે છે. તીર્થંકર ભગવંતોની બધી જ મૂર્તિઓ ધ્યાનસ્થ મૂતિઓ છે.

આજે આપણે ત્યાં પ્રચલિત પ્રતિક્રમણનો અર્થ કાયિક, વાચિક અને માનસિક ક્રિયાઓ છે. ધ્યાન તો નિર્વિચાર અવસ્થા છે. શુદ્ધ અવસ્થા છે. પ્રચલિત પ્રતિક્રમણમાં થતી કાયિક, વાચિક કે માનસિક ક્રિયાઓ શુભ ક્રિયાઓ છે. એ અર્થમાં સ્વીકાર્ય છે. એ વાત પણ આપણે સ્વીકારવી પડશે કે શુભક્રિયા દેહથી પર એવા ચૈતન્યતત્ત્વનો અનુભવ કરાવવા સમક્ષ નથી. જ્યાં સુધી શુદ્ધ (નિર્વિચાર) અવસ્થામાં પ્રવેશવાની તાલાવેલી ન જાગે, એ અવસ્થામાં પ્રવેશવા માટેના માર્ગની આત્મજ્ઞાની ગુરુઓ પાસેથી જાણકારી ન મળે, ત્યાં સુધી પ્રચલિત શુભ ક્રિયાઓ થતી રહે એમાં કશું અયોગ્ય નથી.

અત્યારની જૈન પરંપરામાં પ્રચલિત નિયમોનું વર્ગીકરણ કરીએ તો બધા નિયમોને બે ભાગમાં વહેંચી શકાય.

(૧) આહારવિહારને લગતા નિયમો.

(૨) અમુક કર્મકાંડ કરવા કે ન કરવાના નિયમો.

મારી દષ્ટિએ આ નિયમોને કારણે ધર્મ જીવનદાયી કે જીવનવિરોધી બને છે. મારી કહેવાનો અર્થ એ નથી કે બધા નિયમો યોગ્ય નથી પણ મારો કહેવાનો એટલો જ અર્થ છે કે અમુક નિયમો આ કાળમાં બિનજરૂરી છે. અને અમુક નિયમો પાછળનું આપણે હાર્દ સમજ્યા નથી. પરિણામે આપણી ઉર્ધ્વગતિ થઇ શકતી નથી.

શ્રી ગુણવંત શાહે એક વાક્ય લખેલું કે સત્ય સાક્ષેપ હોવું જોઇએ. પરિણામે એ ગતીશીલ બને છે. દેશ અને કાળ બદલાય એમ તંત્ર પણ બદલાવું જોઇએ, ભલે તત્ત્વ સ્થિર હોય. એક જમાનામાં લોકો રેંટિયો રાખી કાંતતા હતા. આજે લેપટોપ આવી ગયું છે. તંત્ર બદલાઇ ગયું છે. આજથી પચાસ વર્ષ પૂર્વે ઘરના કબાટની ચાવી સાસુ પાસે રહેતી હતી સાસુને પૂછીને જ વહુએ બધું કરવું પડતું હતું. શું આજે આ શક્ય છે? જો વ્યાવહારિક જીવનમાં સ્થળ અને કાળ બદલાય તેમ આપણે આપણી જીવનપદ્ધતિ બદલી છે. આહારની વાનગીઓ બદલાઇ છે. પહેરવેશ બદલાયો છે. આખું તંત્ર બદલાયું છે. સ્થળ અને કાળ બદલાયાં તેમ અમુક બિનજરૂરી ધાર્મિક નિયમો કેમ આપણે બદલી ન શકીએ?

સોનગઢ સ્થિત ‘મહાવીર ચારિત્ર રત્નાશ્રમ’ના સ્થાપક મુનિશ્રી ચરિત્રવિજયજી મહારાજસાહેબે આજથી ૮૦ વર્ષ પહેલાં એટલે કે ૧૯૩૨માં વ્યાખ્યાનો આપ્યાં હતાં. આ વ્યાખ્યાનો પુસ્તકરૂપે પ્રકાશિત પણ થયાં છે. આ વ્યાખ્યાનોમાં મુનિશ્રી ચરિત્રવિજયજી મહારાજસાહેબ જૈન સાધુઓને ઉદ્દેશીને કહે છે :

(૧) હે જૈન સાધુઓ, બીજા ધર્મનાં તત્ત્વો જાહેર ઉપદેશને લીધે વિસ્તરે છે. જૈન ધર્મનાં ઉચ્ચ તત્ત્વો જાહેર ઉપદેશની ખામીને લીધે ઉપાશ્રયની બહાર ભાગ્યે જ જાય છે. માટે હે સાધુઓ, તમારી વ્યાખ્યાન પદ્ધતિમાં ફેરફાર કરો. જાહેરમાં વ્યાખ્યાન કેવી રીતે આપવાં એ શીખો. એની પ્રેક્ટિસ કરો. બીજા ધર્મના સાધુઓ કેવી રીતે વ્યાખ્યાન આપે છે એ જુઓ અને શીખો.

(૨) તમારી જડવાદી પદ્ધતિને કારમે હજારો જૈનોએ સ્વામીનારાયણ સંપ્રદાય સ્વીકારી લીધો છે. તમે ચેતો. તમારું થોડું પણ માન છે એ તમારા પૂર્વજોના પરાક્રમથી છે.

(૩) પ્રથમ શ્રાવકોદ્ધાર કરો, પછી જ્ઞાનોદ્ધાર કરો અને પછી દેરાસરોનો જિર્ણોદ્ધાર કરો.

(૪) તમે એમ કહો છો કે પાણી ઢોળવાથી પાપ થાય છે. અજાયબી તો મને એ વાતની લાગે છે કે ગુસ્સો કરવો, ખોટું બોલવું, દંભ કરવો એમાં પાપ નહીં ને પાણી ઢોળવામાં પાપ? આવા મુર્ખાઇ ભરેલા વિચારથી તમે મહિનાઓ સુધી નહાતા નથી અને ધર્મનું બહાનું બતાવો છો એ ઘણું ખોટું છે. બાહ્યશુદ્ધિ રાખવી જ જોઇએ. શરીરનાં નવે દ્વારમાંથી હંમેશાં અપવિત્ર પદાર્થો નીકળ્યા જ કરે છે. તે મલિનતા જો સ્નાન ન કરવામાં આવે તો શરીર સાથે સ્પર્શીને રહે છે. તેની અસર મન પર થાય છે. કેટલાક લોકો નહાવાથી પાપા થાય એમાં ધર્મનું કારણ બતાવે છે. આવા લોકોને અને તેના ધર્મને અન્ય લોકો મલિન અને ગંદા એવા ઉપનામથી બોલાવે છે. એની એમને ખબર છે ? સ્નાન કરીને મલિનતા દૂર કરવાનું જરૂરી છે. જ્યાં સુધી શરીર તરફનો અહંભાવ દૂર થયો નથી (એટલે કે સાતમે ગુણસ્થાને જ્યાં સુધી પહોંચાયું નથી) ત્યાં સુધી મહાત્માને પણ બાહ્યશુદ્ધિની જરૂર છે.

(૫) તે સમયના દેશકાળ અનુસાર જે બોધ અપાયો એ બોધને આજે દેશકાળમાં ફેરફાર થયા પછી પણ અનુસરવો એ મોટી ઠોકર ખાવા જેવી વસ્તુ છે.

પ્રખ્યાત દિગંબર જૈન મુનિ તરુણસાગર મહારાજે તા.૨૦.૮.૨૦૧૨ ના ચિત્રલેખા મેગેઝિને લીધેલા ઇન્ટરવ્યુમાં કહ્યું કે ‘‘ભગવાન મહાવીર સ્વામીનો અતિ ઉચ્ચ કોટિનો માલ છે, પરંતુ એનું પેકિંગ સાવ સામાન્ય છે. મેં પેકિંગ સુધારણાનું કામ કર્યું છે. એટલે કે નિયમોમાં પરિવર્તન કર્યું છે. હું માઇક, પંખાનો ઉપયોગ કરું છું, ઇલેક્ટ્રીસિટીનો ઉપયોગ કરું છું. હું જીવનભર વિચરણ કરું તોપણ મારા વિચારવાણી જેટલા લોકોને પહોંચાડી શકું એના કરતાં અનેકગણા લોકોને મારી વિચારવાણી મિડિયાના હકારાત્મક ઉપયોગને કારણે કલાકોમાં પહોંચાડી શક્યો છું.’’

લગભગ ઇ.સ. ૧૯૮૭-૮૮માં બંધુત્રિપુટી મહારાજસાહેબ પહેલવહેલીવાર વિદેશના પ્રવાસે ગયા ત્યાર જૈન સમાજમાં ઘણો ઉહાપોહ થયો હતો. અમુક લોકોએ અભિપ્રાય આપ્યો કે મહારાજ સાહેબે ક્રાંતિ કરી છે. દંતાલી સ્થિત સ્વામી સચ્ચિદાનંદજીએ ત્યારે એક લેખ લખ્યો હતો. એ લેખમાં એમણે ઉલ્લેખ કર્યો હતો જૈન મુનિ બંધુત્રિપુટીએ ક્રાંતિ કરી છે, એવું મને જાણવા મળ્યું. એટલે મેં પૂછ્યું કે ‘‘એમણે શું ક્રાંતિ કરી છે ?’’ મને જાણવા મળ્યું કે એઓ સ્નાન કરે છે. જાજરૂનો ઉપયોગ કરે છે. બ્રશ કરે છે, ઇલેક્ટ્રીસિટીનો ઉપયોગ કરે છે. વાહનનો ઉપયોગ કરે છે. માઇક વાપરે છે અને ફોનનો ઉપયોગ કરે છે. જૈન સાધુઓ માટે આ બધી વસ્તુઓ નિષિદ્ધ છે. આ વસ્તુઓનો એમણે ઉપયોગ કર્યો છે એટલે એમણે ક્રાંતિ કરી છે.’’ સચ્ચિદાનંદજી લખે છે ‘‘ક્રાંતિ એ બહુ મોટી વાત છે. જાજરુમાં જાજરુ કરવું એ

ક્રાંતિ નથી. બંધુત્રિપુટી મહારાજસાહેબે અસહજજીવન છોડી સહજ જીવન અપનાવ્યું છે. એમાં ક્રાંતિ નથી પણ સહજ જીવનનો સ્વીકાર છે.''

એકવીસમી કે બાવીસમી જૂને આર્દ્રા નક્ષત્ર બેસે એટલી કેરી ખવાય નહીં એવી જૈનોમાં પરંપરા છે. માન્યતા છે. શું આ નિયમ પાળવાથી દેહથી પર એવી ચૈતન્યતત્ત્વની, આત્મતત્ત્વની ઝાંખી થશે? સદ્‌ગુણોનો વિકાસ થશે? આરોગ્યની દૃષ્ટિએ આ નિયમ સારો છે. ૨૧મી જૂનથી ભારતમાં શરીર માટે વાયુ પ્રકોપનો કાળ શરૂ થાય છે. પાચનશક્તિ મંદ પડી જાય છે. આયુર્વેદની દૃષ્ટિએ કેરી વાયુ કરે એટલે આર્દ્રા નક્ષત્ર બેસે એટલે કેરી ખાવી નહીં એવો નિયમ શરૂ થયો. આ નિયમના મૂળમાં આયુર્વેદ છે, ધર્મ નહીં.

એ જમાનામાં વાહનવ્યવહારની એવી સગવડ ન હતી કે એક પ્રદેશની કેરી બીજા પ્રદેશમાં પહોંચી શકે. મહારાષ્ટ્રમાં રત્નાગિરીનો કે ગુજરાતમાં વલસાડની કેરીનો પાક જૂનની ૧૫ તારખ સુધી પૂરો થઇ જ જાય છે. એ જમાનામાં કેસર કેરીની ખેતી પણ થતી ન હતી. એટલે આર્દ્રા નક્ષત્ર બેસે ત્યારે કેરી મળે જ નહીં.

ઉત્તર ભારતમાં લખનૌ તરફ એવી કેરી થાય છે. જેની ઉપર પાણી પડે તો જ એ કેરી પાકે જેવી કે દશહરી, લંગડા આદિ. દિલ્હી અને લખનૌમાં આ નિયમ કેવી રીતે લાગુ પડે?

અમેરિકા અને યુરોપમાં ૨૨મી જૂને ઉનાળો બેસે અને ત્યારે જ અમેરિકામાં મેક્સિકોથી કેરી આવે છે. ત્યાં આ નિયમ કેવી રીતે લાગુ પડી શકે? આનો અર્થ એ થયો કે સ્થળ બદલાય, કાળ બદલાય એમ નિયમોમાં, તંત્રમાં પરિવર્તન આવવું જોઇએ. આપણને એ સ્પષ્ટ ખ્યાલ હોવો જોઇએ કે આર્દ્રા નક્ષત્ર બેસે ત્યારે ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાનમાં કેરી ન ખાવી એ આરોગ્યની દૃષ્ટિએ સારી વાત છે પણ એને ધર્મ સાથે કાંઇપણ લાગતુંવળગતું નથી.

અત્યારના જૈન ધર્મમાં સાધુઓ માટે કેટલાક નિયમો એવા છે જેને બદલવા જરૂરી છે. આ નિયમોને પરિણામે જૈનધર્મને જીવનવિરોધીની છાપ લાગી ગઇ છે. દા.ત.

(૧) જાજરૂનો ઉપયોગ કરવો નહીં.

(૨) સ્નાન કરવું નહીં અને બ્રશ કરવું નહીં.

(૩) વાહનનો ઉપયોગ કરવો નહીં

(૪) ઇલેક્ટ્રીસિટીનો ઉપયોગ કરવો નહીં.

(૫) એકાશન વખતે પાટલા પર બેસી બ્રશ કરવું અને પછી ભોજન કરવું.

### જાજરૂનો ઉપયોગ કરવો નહીં

આજથી લગભગ ૬૦ કે ૬૫ વર્ષ પહેલાં ભારતની જનસંખ્યા ૩૫ થી ૪૦ કરોડની હતી આજે ૧૦૦ કરોડ ઉપર છે. લોકો ગામડામાં રહેતા હતા. એ જમાનામાં ગામડામાં ખુલ્લામાં હાજતે જવું એ સામાન્ય બાબત હતી. આ લેખના વાચકોમાંની મોટા ઉંમરની ઘણી વ્યક્તિઓ નાનપણમાં ગામડામાં ખુલ્લામાં હાજતે ગઇ જ હશે. એ જમાનામાં ગામડામાં ભોંયખાળની (સેપ્ટીક ટેન્ક) સગવડ પણ નહોતી. અન્ડરગ્રાઉન્ડ ડ્રેનેજ સિસ્ટમની તો કલ્પના પણ ન હતી.

આજે મુંબઇ શહેરની વસ્તી બે કરોડની છે. મુંબઇ શહેરમાં અંડરગ્રાઉન્ડ ડ્રેનેજ સિસ્ટમ છે ત્યાં જાજરૂનો ઉપયોગ ન કરવાની વાત કેવી રીતે શક્ય બને? તમે કલ્પના કરી જુઓ કે મુંબઇના ૨ કરોડ લોકો જો જાજરૂ ન વાપરે અને રોજ ખુલ્લામાં હાજતે જાય તો શું થાય ? ચોમાસામાં શું સ્થિતિ થાય ? ગંભીર રોગચાળો ફાટી નીકળે અને મુંબઇ શહેર છોડવું પડે એવી સ્થિતિ સર્જાઇ જાય.

મને એક પરિચિત વ્યક્તિએ વાત કરી કે મુંબઇના સારા પરામાં રહેતા એમના પાડોશી ધર્મને નામે જાજરૂ વાપરતા નથી. સાવરના મળ વિસર્જનની ક્રિયા કાગળની થેલીમાં કરી તેને રસ્તામાં ક્યાંક ફેંકી દે છે. મને મારી પરિચિત વ્યક્તિએ કહ્યું કે ઘણીવાર અમે લિફ્ટમાં સાથે થઇ જઇએ છીએ. એમની પાસે થેલી જોઇને અમને સૂગ ચડે છે. ધર્મને નામે આવું વર્તન મુંબઇ જેવા શહેરમાં માણસ કેવી રીતે કરી શકે? ધર્મને નામે આવી રીતે કેમ ગંદકી કરી શકે? તમે ધર્મે જૈન છો, શું તમે સહન કરી શકશો તમારા જવાના રસ્તા ઉપર મળ પડ્યા હોય કે રસ્તા ઉપર પેશાબ પડ્યો હોય? શ્રાવકોના અને શ્રમણોના આવા વર્તનને પરિણામે જૈનધર્મ જીવનવિરોધી છે એવી છાપ અન્ય ધર્મીઓમાં ઊભી થઇ છે.

ચાર-પાંચ વર્ષ પહેલાંની વાત છે. પર્યુષણ પર્વ દરમિયાન અમુક શ્રાવકોએ આઠ દિવસનું પૌષધ વ્રત રાખ્યું હતું. (આઠ દિવસ શ્રાવકો ઉપાશ્રયમાં જ રહે અને સાધુ જેવું જીવન આઠ દિવસ દરમિયાન ગાળે). ઉપાશ્રયમાં ખુલ્લી જગ્યાનો અભાવ હતો. ઉપાશ્રય એક ફ્લેટમાં હતો ઉપાશ્રયના (ફ્લેટના) મકાનની અગાશીમાં રેતી પાથરવામાં આવી હતી. પૌષધ વ્રતવાળા શ્રાવકો અગાશીની રેતી ઉપર મળવિસર્જન કરતા હતા. અમુક વ્યક્તિઓ કે જે ગટરસફાઇ સાથે સંકળાયેલા હતા એઓ અગાશી પરથી મળ લઇ ક્યાંક ફેંકી આવતા હતા. એ વ્યક્તિઓને આ કામ માટે પૈસા આપવામાં આવતા હતા. શું માનવતાના ધોરણે આ યોગ્ય છે?

પૌષધ શબ્દનો અર્થ થાય છે કે જે ક્રિયાઓ દ્વારા

આત્માનો ગુણો જેવા કે આનંદ, પ્રેમ, શક્તિ, કરુણા આદિનું પોષણ થાય એવી ક્રિયાને પૌષધક્રિયા કહે છે. શું મળવિસર્જન ખુલ્લામાં કરવાથી આત્માના ગુણોનું પોષણ થશે? જો જવાબ 'ના'માં હોય તો આપણે હિંમત દાખવી આવા સ્વચ્છતાવિરોધી વિજ્ઞાનવિરોધી, માનવતાવિરોધી નિયમને દૂર કરવો જોઇએ. જેને આવા નિયમો પાળવા હોય એ ભલે જંગલમાં રહે. એણે શહેરમાં આવવું જોઇએ નહીં. આવા નિયમો જંગલમાં પળાય, શહેરમાં નહીં.

## વિચરવાનો નિષેધ

લગભગ સો વર્ષ પહેલાં સુરતથી દક્ષિણની પ્રદેશમાં વિચરવાનો સાધુઓ માટે નિષેધ હતો. મુંબઇમાં આવવાનો નિષેધ હતો. એ જમાનામાં એમ કહેવાતું- **જે ઓળંગે તાપી, એ કહેવાય પાપી.** શું આ નિયમનું પાલન આજે શક્ય છે ?

**સ્નાન કરવું નહીં, બ્રશ (મુખશુદ્ધિ) કરવી નહીં.**

ધર્મ એટલે આત્મસાધનાનો માર્ગ, ચિત્તશુદ્ધિનો માર્ગ, ચિત્તને કષાયોથી મુક્ત કરવું, નિર્મળ કરવું એનું નામ ધર્મ. યોગસાર ગ્રંથમાં કહ્યું છે :

**ન આંચલો ન મુખવસ્ત્રં, ન રાકા ન ચતુર્દશી**
**ન શ્રદ્ધા આદિ પ્રતિષ્ઠા વા, તત્વં કિંતુ અમલં મનઃ**

અંચલ (જેની ઉપરથી અંચલગચ્છ શબ્દ આવ્યો છે, અચલગચ્છ શબ્દ તો પાછળથી આવ્યો છે) મુહપત્તી, પૂનમ, ચૌદશ કે શ્રાવકોએ શ્રદ્ધાથી પ્રતિષ્ઠિત કરેલી પ્રતિમા એ તત્ત્વ નથી. તત્ત્વ તો નિર્મલ મન છે.

ચિત્તશુદ્ધિ એ સૂક્ષ્મશુદ્ધિ છે. જો આપણે સૂક્ષ્મશુદ્ધિને સ્વીકારીએ તો સ્થૂળશુદ્ધિ એટલે કે સ્નાન અને મુખશુદ્ધિનો ધર્મને નામે અસ્વીકાર શા માટે કરીએ છીએ ?

મને એક યુવાન વ્યક્તિએ પ્રશ્ન કરેલો કે "અંકલ, પર્યુષણ દરમિયાન મુખશુદ્ધી ન કરવાને કારણે અપાસરામાં ઘણાનાં મોઢાંમાંથી વાસ આવે છે. હુ આ વાસ સહન નથી કરી શકતો. શું આ ધર્મને નામે યોગ્ય છે? ઉપવાસ દરમિયાન શરીરના જે દ્વારમાંથી આહાર લઇએ છીએ એ દ્વારની એટલે કે મુખની શુદ્ધિ કરતા નથી, પરંતુ ઉપવાસ દરિમયાન શરીરના ઉર્ધ્વદ્વારને પાણીથી શુદ્ધ ન કરવું અને શરીરના અધઃદ્વારને પાણીથી શુદ્ધ કરી શકીએ એમા લોજિક ક્યાં છે? અંકલ, તમે સમજાવો શું આ યોગ્ય છે?" (એક જૈન ડેન્ટિસ્ટ મિત્રે મને કહેલું કે આપણા સાધુઓ દાંતની ટ્રીટમેન્ટ માટે મારી પાસે આવે છે ત્યારે એમના દાંતની સ્થિતિ જોઇને થાય છે કે ધર્મના નામે આ શું થઇ રહ્યું છે?)

એક બાજુ આપણે ત્યાં કહેવાય છે કે, (દેવોને સુગંધ પ્રિય છે અને જ્યાં સુગંધ હોય ત્યાં દેવો પણ આકર્ષાય છે. માટે જ દેરાસરમાં ધૂપ દ્વારા વાતાવરણ સુગંધિત રખાય છે.) અને બીજી બાજુ ધર્મને નામે આપણે દુર્ગંધને પોષવાનું કામ કરી રહ્યા છીએ! કેવો વિરોધાભાસ છે.

સ્નાન ન કરવું અને બ્રશ ન કરવું આ નિયમની પાછળનું હાર્દ આપણે સમજીએ. જે ખરેખર આત્મસાધક છે અને સાધનામાં ઘણા ઊંડા ઉતર્યા છે એવા સાધકો ધારે કે શનિવાર સાંજે છ વાગે સાધનામાં બેસી ગયા હોય અને સાધના દરમિયાન દેહભાન ભૂલાઇ જાય પરિણામે કાઉસગ્ગની અવસ્થા ઘટિત થાય અને રવિવારે રાત્રે દેહભાન આવે ત્યારે સાધક સાધનામાંથી ઊભો થાય તો રવિવારે એણે ખાધું હતું? સ્નાન કર્યું હતું? મુખશુદ્ધિ કરી હતી? જવાબ છે - ના. આ ખરો ઉપવાસ છે.

તમને પ્રશ્ન થશે કે શું આ શક્ય છે? મારો જવાબ છે - હા, હું એક કલકત્તાના સાધકને ઓળખું છું જે ઘણીવાર શનિવારે સાંજે સાધનામાં બેસી જાય છે અને રવિવારે રાત્રે સાધનમાંથી ઊભા થાય છે. એ સાધક મને કહેતા હતા કે મારે હજી સાધના વધારવી છે. ધીરે ધીરે આઠ દિવસ સુધી પહોંચવું છે !

આનો અર્થ એ થયો કે મુખશુદ્ધિ નથી કરતો તો એ યોગ્ય છે. જેની આવી સ્થિતિ નથી એમણે તો સ્નાન અને મુખશુદ્ધિ કરવાં જ જોઇએ. આપણે નિયમનું હાર્દ સમજ્યા નથી પરિણામે માત્ર બાહ્ય આચરણને જ ધર્મક્રિયા માની બેઠા છીએ.

**સુરેશ ગાલાના 'મરમનો મલક' પુસ્તકમાંથી સાભાર**
**સાર સંક્ષેપ - ચંદ્રસેન મોમાયા**


## પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 7,000 | 4,000 |
| અડધું પાનું | 160 x 111 mm | 4,000 | 2,250 |
| પા પાનું | 77 x 111 mm | 2,500 | 1,250 |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | - | 700 |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 350 |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA ના નામે લખવા


**નવા/બદલાયેલા ફોન નંબર** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | | | | | |
|---|---|---|---|---|---|
| **જયંત એલ. નાગડા** | ડોંબિવલી | 7506162425 | **હીરેન ખીમજી મૈશેરી** | થાણા | 25341068 |
| **મીના જયંત નાગડા** | ડોંબિવલી | 7506162426 | **સોમચંદ વી. ધરમશી** | તલવાણા | 9726776627 |
| **હંસાબેન સાયલા** | રાપરગઢ | 07567974325 | **સુશીલા પ્રેમચંદ દંડ** | રાપરગઢ | 5937692241 |

સંસ્થા સમાચાર / જ્ઞાતિ સમાચાર / વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન

મહાજનશ્રીના ટ્રસ્ટબોર્ડની એક સભા ૨૫ ઓગસ્ટના મળેલ તેમાં આગામી જ્ઞાતિ સમ્મેલન રાયપુર મહાજનની વિનંતીને માન્ય રાખી ડીસેમ્બર ૨૦૧૪માં યોજવાનું નક્કી થયું હતું. ગત વર્ષની જેમ આ વર્ષે પણ માહીતીસભર આકર્ષક રંગીન અચલગચ્છીય તીથી સાથેનું કેલેન્ડર દાતાઓના સહયોગ પ્રસિદ્ધ કરવાનું ઠરાવાયું હતું. તેમજ જ્ઞાતિમાં પ્રસિદ્ધ થતાં વિભિન્ન કેલેન્ડરો ન નીકળે અને 'સમસ્ત મહાજન'નો એકજ કેલેન્ડર જ્ઞાતિના પ્રત્યેક ઘરે હોય એવી એકતા હીતાવહ છે તે માટે અપીલ કરવાનું નક્કી થયું. તે ઉપરાંત કચ્છ-હાલાર જમીન માર્ગદર્શન અંગેની સમિતિ, લવાદપંચ, વન વીન્ડો અંતરગત મેડીકલ સમિતિઓના અહેવાલ રજુ કરાયા હતા. મેડીકલ ક્ષેત્રે, સમગ્ર જ્ઞાતિના આકસ્મિક મૃત્યુ વિમા યોજના માટે મે. ટ્રસ્ટી શ્રી કીરીટભાઇ લાપસીયાની માતબર રકમની ઉદાર ઓફરની અનુમોદના કરાઇ હતી તથા આ યોજનાને એમના પરિવારનું નામ કાયમી જોડવાનું નક્કી થયું હતું. તેમજ સહયોગ આપનાર જ્ઞાતિના અગ્રણી વિમા એજન્ટો શ્રી બીપીનભાચઇ નાગડા, શ્રી લીતેશભાઇ ખોના, શ્રી રમેશભાઇ નાગડા વિ.નો આભાર વ્યક્ત કરાયો હતો. ટ્રસ્ટબોર્ડની આગામી સભા પ્રાયઃ સપ્ટેબરમાં રાયપુર ખાતે મળશે.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઇ

પર્યુષણ પર્વના ઉપલક્ષમાં સમસ્ત જ્ઞાતિના લોકો એકજ છત્ર હેઠળ ક્ષમાપના યાચના કરે એ આશયે મુંબઇ મહાજનના ઉપક્રમે રવિવાર ૧૫.૯.૧૩ના સવારે ૮.૩૦ વાગે ઝવેરબેન પોપટલાલ સભાગૃહ, ઘાટકોપર (પૂર્વ)માં સામુહિક ક્ષમાપના અને ગુરુવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જ્ઞાતિના સર્વ ભાઇ-બહેનોને આ કાર્યક્રમમાં જોડાવવા મહાજનશ્રી દ્વારા અનુરોધ કરાયો છે. આ પ્રસંગે પૂ.સાધ્વીશ્રી સૌમ્યગુણાશ્રીજી મ.સા. આદી ઠાણા તથા પૂ.યતિવર્ય મોતીસાગરજી મ.સા. પધારી નિશ્રા પ્રદાન કરશે.

આ નિમિત્તે તપસ્વીઓનું બહુમાન કરવાનું તથા મહાજનશ્રીના પંચવર્ષીય કાર્યક્રમો માટે નવા જોડાયેલા સહયોગી દાતાશ્રી પરિવારોનું સન્માન કરાશે. મહાજનશ્રી દ્વારા આ પ્રસંગે ચેતના હરિયા અને સાથીઓના ગીત-સંગીત સથવારે સામુહિક સાંજી ઉપરાંત કાર્યક્રમમાં નાતજમણ રહેશે.

## શ્રી વરાડીયા જૈન મહિલા મંચ-મુંબઇ

મંચના ઉપક્રમે ૧૭.૮.૧૩ના શ્રીમતિ લીનાબેન મોમાયાના નિવાસસ્થાને શ્રીમતિ ઉર્મિ હેમાંગ લોડાયા (સુથરી-ડોંબિવલી) દ્વારા અવનવી રેસીપી વાનગીનું ડેમોન્ટ્રેશનનો કાર્યક્રમ રાખવામાં આવેલ જેમાં હરાભરા કબાબ, કોર્ન મસ્તી ભેલ, ચોકલેટમુસ તથા કીવી કોક વેલકમ ડ્રીંકને સમાવેશ હતો. મકાઇની વાનગીની હરીફાઇમાં પ્રથમ શ્રીમતિ કુંજલ પરાગ મોમાયાને તથા દ્વિતીય શ્રીમતિ જયાબેન ચીમનલાલ મોમાયાને ઇનામ મળેલ. મહામંચ તરફથી શ્રીમતિ ઉર્મી લોડાયાનું સન્માન કરવામાં આવેલ.

## સામાજિક સુરક્ષા યોજના

શ્રી ક.દ.ઓ. વેલ્ફેર એસો.ની વાર્ષિક સામાન્ય સભા ૧૯.૮.૧૩ના મુલુન્ડમાં યોજાઇ હતી.

વર્ષ ૨૦૧૧-૧૨ના વાર્ષિક હિસાબોને બહાલી અપાઇ. યોજનામાં હવેથી સામાજિક સુરક્ષાનો લાભાંશ રૂા.૬૦,૦૦૦થી વધારીને રૂા.૭૫,૦૦૦નો કરવામાં આવેલ છે. યોજનામાં રીટાયર થયેલા તથા હવેથી રીટાયર થનારા સર્વે સભ્યોને રીટાયરમેંટ વખતે નીચે મુજબ લોયલ્ટી બોનસ આપવામાં આવશે. સભ્યપદ મુદત પથી ૧૦ વર્ષ સુધી ડિપોઝીટના ૨૫%, ૧૦થી ૧૫ વર્ષ સુધી


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN®
TOURS & TRAVELS
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

**પર્યુષણપર્વની શુભેચ્છા**
દેવ-ગુરૂની અસીમ કૃપાએ પૂ. ગુરૂજનોની પ્રેરણા-નિશ્રામાં પર્વાધિરાજ પર્વની સુખશાતાપુર્વક શ્રેષ્ઠ આરાધના હો એજ શુભેચ્છા સાથે સૌને અમારા મિચ્છામિ દુક્કડમ્...
- તન-મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

૫૦%, ૧૫થી ૨૦ વર્ષ સુધી ૭૫% અને ૨૦ વર્ષથી ઉપર ૧૦૦% નું બોનસ અપાશે.

જે જ્ઞાતિજનો અગાઉ આયોજનમાંથી રીટાયર થઇ ચૂક્યા છે તેમણે પોતાના નામ-સરનામા-વસતીપત્રક ક્રમાંક સભ્યપદ નંબર વગેરેની વિગત SMSથી 8976017830 (મુંબઇ) અથવા 09448090307 (હુબલી) પર અથવા kdosss@yahoo.in પર ઈમેલ પર મોકલવા વિનંતી છે.

જે સભ્યો પોતાની બોનસની રકમ સંસ્થાને નવા સભ્યો બનાવવા માટે ભેટ આપવા ઇચ્છતા હોય તો તેમણે SMS / E-mail / પત્રથી તે મુજબ સુચના જાણ કરવા જણાવાયું છે. જે જ્ઞાતિજનોને નિયુક્ત પ્રતિનિધિ તરીકે કાર્ય કરવાની ઈચ્છા હોય તેમણે SMS / E-mail કે પત્ર દ્વારા કાર્યાલય જણાવવા અપીલ કરાઈ છે.

## શ્રી દ.ભા.ક.દ.ઓ. એકમ મહિલામંચ

દ.ભા. મહિલા મંચના ઉપક્રમે પાંચ સ્પર્ધાઓ દક્ષિણ એકમના કાર્યક્ષેત્રમાં વિવિધ મહિલામંચો માટે યોજાયેલ. જેમાં જૈન લોગોમાં ૨૬ જણાંએ ભાગ લીધેલ. વિજેતા : પ્રથમ-રીંકુ સી. (કોચીન), દ્વિતીય-હીરાવંતી એચ. દંડ (કલીકટ), તૃતિય-હંસાબેન બી. મોમાયા (કલીકટ) અને આશ્વાસન ઇનામ : ભારતી છેડા (ગદગ), પ્રીતી મૈશેરી (કોઇમ્બતુર), રાખડી સ્પર્ધા જેમાં ૨૫ જણાંએ ભાગ લીધેલ. પ્રથમ-ચંદ્રા મૈશેરી (કોઇમ્બતુર), દ્વિતીય-રશ્મિ કે. મુનવર (હુબલી), તૃતિય-નિરૂપમા લુઠીયા (બેંગ્લોર), આશ્વાસન ઇનામ : ભારતી છેડા (ગદગ), હીતલ છેડા (હુબલી).

નવા વર્ષ માટે શુભેચ્છાકાર્ડ સ્પર્ધા : વેલકમ-૨૦૧૨ જેમાં ૧૧ જણાંએ ભાગ લીધેલ. પ્રથમ-વંદના દંડ (કોચીન), દ્વિતીય-પ્રિતી મૈશેરી (કોઇમ્બતુર), આશ્વાસન ઇનામ - ખ્યાતિ ધરમશી (બેંગ્લોર), રમીલા મોમાયા (બડગરા), સાડી કવર સ્પર્ધા : જેમાં ૮ જણાએ ભાગ લીધેલ પ્રથમ-રીંકુ ચેતન (કોચીન), દ્વિતીય-વિજયા મૈશેરી (કોઇમ્બતુર). છાબપર ઓઢાડવાના રૂમાલની સ્પર્ધા જેમાં પાંચ જણાએ ભાગ લીધેલ. પ્રથમ - પ્રિતી મૈશેરી (કોઇમ્બતુર), દ્વિતીય-રીંકુ ચેતન (કોચીન),

બેંગ્લોર મહિલામંચના પ્રમુખ શ્રીમતી સુશીલા બી. ખોના અને માનદમંત્રી શ્રીમતી ભારતી ભરત લોડાયા તથા કાર્યકરોએ સ્પર્ધા આયોજન માટે જહેમત લઇ પ્રવૃત્તિ સફળ બનાવી.

## શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુન્ડ

મંડળના ઉપક્રમે શ્રી મહાકાળી માતાજીની ભાવના રવિવાર ૧૫.૯.૧૩ના રાતે ૮.૩૦ કલાકે શ્રી વાસુપુજ્ય જિનાલયે રાખેલ છે. જેને લાભ માતુશ્રી જેઠીબાઇ હીરજી ખોના (નલીયા) હા. પ્રતાપ શામજી દંડ પરિવાર (સુથરી)એ લીધેલ છે. ભાવનામાં રિધ્ધી-સિધ્ધી મંડળ પધારશે.

આગામી ભાવના ૧૩.૧૦.૧૩ના છે જેનો લાભ માતુશ્રી દમયતીબેન હંસરાજ દેવશી દંડ પરિવાર (સાંધવ)એ લીધેલ છે.

## સખીવૃંદ-પુના

વૃંદની જુલાઇની મીટીંગ હીનાબેન શાહના ઘરે યોજાયેલ. નવકારમંત્ર પઠનથી શરૂઆત થઇ. પાકશાસ્ત્રના નિપુણ હીનાબેને સીઝલર બનાવતા શીખવાડ્યું, પાંચ વાનગમાં સ્પેગેટી, કોર્ન રાઇસ, બટરર્ડ વેજીટેબલ્સ પનીર ચીલી ફ્રાય અને કટલેટ્સ બનાવવાનું પ્રત્યક્ષીકરણ કર્યું. પાંચે વાનગી અલગ અલગ બનાવી અને સીઝલર પ્લેટને ગરમ કરી, કોબીના પાન મૂકી કેવી રીતે દરેક વાનગી ગોઠવવી તે બતાવ્યું. આમ કોન્ટીનેટલ અને ચાઇનીઝ એ બે વાનગીનું સંમિશ્રણ કરી સ્વાદિષ્ટ સીઝલર શીખવ્યું.

હીનાબેને પોતાની આગવી સૂઝથી એની વ્યવસ્થિત સમજણ આપી. સૌએ ગરમાગરમ વાનગીઓ આસ્વાદ માણ્યો.

## શ્રી મહાકાળી જૈન મિત્ર મંડળ-ગાંધીધામ

મંડળના ઉપક્રમે ૯.૬.૧૩ના સ્વ.શ્રી સૌભાગ પદમશી લોડાયા (નલીયા) તરફથી ભાવના ભણાવાઇ ભાવનામાં ભક્તિબેન મોમાયા તથા પદમીનીબેને સારી રમઝટ જમાવેલ.

૨૭.૭.૧૩ના શામજી વીશનજી મોમાયા (જખૌ-વડોદરા) તરફથી ભાવના હતી. ભાવનામાં જયંત, લીનેશ, મનિષ, ભક્તિબેન, લતાબેને રમઝટ જમાવેલ.

૨૮.૮.૧૩ના શ્રી નેમીચંદ જીવરાજ દંડ (જામનગર-ગાંધીધામ) તરફથી મીનલબેનના સીમંત પ્રસંગે મહાકાળી માતાજીની ભાવના મહાજનવાડીમાં રાખેલ. એમાં શ્રી


શુભેચ્છાસહ.....

**શીતલ કોટન ટ્રેડર્સ**

**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**

**(રંગપુર-કોઇમ્બતુર)**



શુભેચ્છાસહ.....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

**૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઇડીંગ રોડ, મુંબઇ-૯.**

કિશોર સંધાર પાર્ટીના સથવારે રમઝટ જામી. દરેક ભાવનામાં સારી સંખ્યા સૌએ લાભ લીધેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-કોચીન

કોચીન મહાજનના સભ્યોએ પરંપરાગત અને ઉત્સાહપૂર્વક અષાઢી બીજની ઉજવણી કરી ૯.૭.૧૩ના ધણી બાવાના સામુહીક પાઠ અને શ્રી મહાકાલી માતાની ભાવના ભણાવવામાં આવેલ. શ્રી મહાકાળી માતાની ભાવનાની વ્યવસ્થાની જવાબદારી શ્રી ભરત જેઠાભાઇ નાગડા પરિવારે સંભાળેલ. કચ્છી નવા વર્ષને વધાવવા મહાજનના સભ્યોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી.

મહાજનની વાર્ષિક સામાન્ય સભા ૨૦.૭.૧૩ના સાંજના ૮.૩૦ કલાકે બહોળી સંખ્યામાં સભ્યોની હાજરીમાં શ્રી પોપટલાલ ગોવર્ધન લાલન અતિથિગૃહમાં શ્રી કિશોર શામજી કુરૂવાના પ્રમુખપદે મળેલ. સભાપુર્વે સૌએ અલ્પાહારનો લાભ લીધેલ.

શ્રી કિશોર કુરૂવાના હસ્તે શેઠ શ્રી નરશી નાથાની છબીને ફૂલમાલા અર્પિત કરાઇ. શ્રી કિશોર શામજી કુરૂવા, શ્રી રમેશ જેઠાભાઇ નાગડા, શ્રી ભરત નવીન ખોના, શ્રી મણિકાંત વસનજી ખોના, શ્રી મણિકાંત પદમશી મોતા અને શ્રી સુરેશ ખેતશી સોનીના હસ્તે શ્રી દીપ-પ્રાગટ્ય કરાયું. પ્રમુખશ્રીએ જ્ઞાતિજનોને ભાવભર્યું આવકાર આપતાં અષાઢી બીજની વધાઇ આપી.

પ્રમુખશ્રીએ સભ્યોને જાણ કરી કે જ્ઞાતિના જરૂરીયાતમંદ પરિવારોને મેડીકલ ટ્રીટમેન્ટની સગવડ માટે વૈદકીય રાહત ફંડનું આયોજન કરવામાં આવશે. આ વર્ષે મહાજનનું પરંપરાગત જમણવાર ન રાખી એ રકમ ફંડમાં ઉમેરવાનું મહાજનની કમીટી દ્વારા નક્કી કરવામાં આવેલ છે. પ્રમુખશ્રીએ જોર આપીને કહ્યું કે મહાજનની કાર્યવાહીમાં હવે યુવાનો ભાગ લેતા થઇ ગયા છે. નવા ઉપપ્રમુખ શ્રી ધર્મેશ રમેશ નાગડાનું સ્વાગત કરાયું.

મંત્રી શ્રી ગિરીશ મુલચંદ મોમાયાએ ૩.૭.૧૧ અને ૨૧.૪.૧૨ની મિનીટ્સની રજુઆત કરી બહાલી અપાઇ અને મહાજનનાં ગત ૨ વર્ષનાં રીપોર્ટ રજુ કર્યા.

ખજાનચી શ્રી વિરેન કલ્યાણજી ખોનાએ ગત ૨ વર્ષનાં હિસાબ રજુ કર્યા. તેને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

વૈદકીય રાહત ફંડને જ્ઞાતિજનોનો ટેકો મળતાં રૂા.૧.૫ લાખ એકત્રિત કરવામાં આવ્યા હતા. મહાજનની કાર્યવાહક સમિતિમાં શ્રી મનીષ જવેરીલાલ લોડાયા અને શ્રી કેવલ તરૂણ મોમાયાને કોઓપ્ટ કરવામાં આવ્યા.

કોચીન અને અલપઇના જ્ઞાતિના ભાઇ બહેનો માટે કોચીન મહાજન દ્વારા રૂા.૧ લાખનું વ્યક્તિગત અકસ્માત વીમા યોજનોનું સતત કવરેજ કરવામાં આવે છે. આશરે ૪૭૫ સભ્યોને આ વીમાં પોલીસીમાં આવરી લેવામાં આવ્યા છે. કોચીન મહાજન દ્વારા દર વર્ષે તે રીન્યુ કરવામાં આવે છે. આ વીમા યોજના દર વર્ષે જુલાઇના પ્રથમ સપ્તાહ દરમિયાન રીન્યુ થાય છે. આ વર્ષે પણ રીન્યુ કરવામાં આવી છે.

કોચીન મહાજન હેઠળ સમુહ મેડીકલ વીમા પોલીસીનું આયોજન થાય છે. આ પોલીસીમાં આશરે ૧૦૦ સભ્યો આ ગ્રુપની પોલીસીના ભાગ છે. મહાજન અને અન્ય સમાજનાં ઘણા નાના-મોટા સભ્યો આ પોલીસીનો લાભ લે છે.

મહાજનના ઉપક્રમે સ્ટુડન્ટ એવોર્ડ વિતરણ કાર્યક્રમ શ્રી રાહુલ જવાહર લાલકાએ સુંદરરીતે સંભાળ્યું. દરેક વિદ્યાર્થીને તેમના અત્યાર સુધીના અભ્યાસ પ્રવાસ વિશે પ્રશ્ન પૂછવામાં આવ્યા હતા. આ વર્ષે કોચીન માટે વિશેષ રેકોર્ડ હતો. ૩ સી.એ., ૩ બી.ટેક, ૧ એમ. ટેક અને ૧ વકીલાતની પરીક્ષાઓમાં એમ ૮ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. મહાજન તરફથી 'અવોર્ડ ઓફ એક્સેલેન્સ' થી તેમનું બહુમાન કરવામાં આવ્યું. ગત ૨ વર્ષમાં ધો.૧૦ના ૭ વિદ્યાર્થીઓ, ધો-૧૨ના ૮ વિદ્યાર્થીઓ, ૪ ગ્રેજ્યુએટ એમ કુલ ૨૭ વિદ્યાર્થીઓનું બહુમાન કરવામાં આવેલ.

માતુશ્રી લીલબાઇ લખમશી ભાણજી ખોના (નલીયા), માતુશ્રી ભચીબાઇ કુંવરજી વેલજી ધરમશી (સુથરી) અને માતુશ્રી ધનબાઇ લખમશી વેલજી મૈશેરી (વાંકુ) દ્વારા સ્ટુડન્ટ અવોર્ડ સ્પોન્સર કરાયા હતા. સ્પોન્સરશીપ કો-ઓર્ડીનેટર શ્રી રાયચંદ વેલજી મૈશેરીનું અભિનંદન કરાયું. પ્રમુખ શ્રી કિશોર શામજી કુરૂવા અને મહેમાનો શ્રી અને શ્રીમતી મધુરીબેન કાંતિલાલ મોતા (ડોબિંવલી)ના હસ્તે વિદ્યાર્થીઓને એવોર્ડ આપવામાં આવ્યા. ત્રણ વિદ્યાર્થીઓને SSLCમાં A ગ્રેડ પરિણામો મેળવવા બદલ રૂા.૧,૦૦૦નું ખાસ ઇનામ આપવામાં


શુભેચ્છાસહ.....

*Laxmichand Dharshi Mota*

**MOTA SHIPPING AGENCY**

**C.H.A.No.11-0404**



**અસલ કલા-કસબનો સમન્વય**

જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઇનો, શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...

૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે, મુંબઇ- ૦૨. Tel. : 22413995 / 22402786

આવેલ. શ્રી લલિત લહેરચંદ લોડાય દ્વારા આભારવિધી કરાયેલ.

કોચીન મહાજન દ્વારા વર્ષ ૨૦૧૧થી ૧૩ દરમ્યાનના શ્રેષ્ઠ પરીણામ બદલ પુરસ્કૃત વિદ્યાર્થીઓ...

Class X : 2012 Drishti Biren Dand, Umang Chetan Momaya, Yash Ajit Khona, Aakash Nitin Mota (All A+).

2013 : Pooja Girish Momaya (All A+), Mallika Bharat Lodaya (All A+), Ankita Ketan Soni.

Class XII : 2012 Hemal Sanjay Goser, Komal Harish Dand, Urvashi Ramesh Khona.

2013 : Deesha Lalit Lodaya, Ankit Rohit Momaya, Jaine Kamlesh Lodaya, Payal Lalit Dharamshi, Prashant Bharat Lodaya.

Graduate : 2012 Keval Lalit Lodaya, Sarika Pratap Lodaya, 2013 : Dharshana Girish Momaya, Pooja Mahendra Lodaya.

**Award of Excellence : Bhavya Shantilal Mota** Double PG-CA and CS, **Samabhav Sameer Dand**- Topper in IIT Roorkee (Paper & Pulp tech), Conveocation by Union Min of HRD Sri Kapil Sibal,

**Dhandeep Mukesh Lodaya** - First class with distinction in B.Tech (Computer Science & Engg) Calicut.

**Pranav Mahendra Lodaya** - First class with distinction in B.Tech (Electronics & Communication Engg) at Cochin University.

**Gaurav Atul Lodaya** - 4th rank M.Tech (Biotechnology) SRM University, Chennai.

**Jalpa Lalit Mota** - CA., **Vishal Bharat Daga** - All India 38th rank in CA, **Vishal Sashikant Lodaya**- LLB from Mumbai University.

## ફેસબુક ઉપર કચ્છ

કલરફૂલ કચ્છ ફેસબૂક ઉપર લગભગ ૪-૫ વર્ષથી સુશ્રી ચૌલા કુરુવા (અમદાવાદ) દ્વારા એક પેજ તરીકે શરૂ કરાયું છે. તેનું સંચાલન પણ ચૌલાબેન દ્વારા થાય છે. હાલે ૭૫૦ જેટલા સભ્યો તેમાં છે જેમાં દેશવિદેશના પણ ઘણાં છે. તેમાં સક્રિય બનવા સૌને વિનંતી કરાઇ છે. તેમના બીજા પેજીસ અને ગ્રુપ્સ પણ છે જેમાં અહિંસા ગ્રુપ ગ્રીન ઇન્ડિયા ગ્રુપ, સ્વર્ણિમ ગુજરાત, પ્રમીલા કુરુવા ફાઉન્ડેશન વગેરે છે.

## શ્રી મહારાષ્ટ્ર એકમ મહિલામંચ-ધુલિયા

૭.૮.૨૦૧૩ના મહિલા મંચની સભા સૌ. નીતાબેન વસંત ગોસરના નિવાસસ્થાને સૌ. પ્રીતિબેન કાજલ મોમાયાના પ્રમુખપદે મળેલ. નવકારમંત્રપઠન બાદ મહિલામંચ તરફથી રક્ષાબંધન પર્વને અનુલક્ષી બહેનના ભાઇ પ્રત્યેના હૃદયના ભાવ દર્શાવતો પત્ર લખવાની સ્પર્ધાનું આયોજન કરાવમાં આવેલ. જેમાં પ્રથમ સૌ. રમીલાબેન શરદ ગોસર તથા દ્વિતીય સૌ. લતાબેન જયંત દંડ વિજેતા થયેલ.

સૌ. નીતાબેને વન મિનિટ ગેમ રમાડેલ જેમાં પ્રથમ સૌ. કુંજનબેન તુષાર ભાટે તથા દ્વિતીય સૌ. વીણાબેન વીરચંદ સોની વિજેતા થયેલ. મહારાષ્ટ્ર એકમ મહિલામંચના જલગામમાં આયોજીત કાર્યક્રમ અંગે ચર્ચા કરવામાં આવેલ.

સરપ્રાઇઝ ગેમમાં સૌ. નમ્રતાબેન આશિષ સોનીને ઇનામ મળેલ. વિજેતાઓને સૌ. નીતાબેન તરફથી સૌ. કાંતાબેન ચંદ્રકાંત શાહના હસ્તે ઇનામ આપવામાં આવેલ. અંતે દૂધપાકનો આસ્વાદ માણી સહુ છૂટા પડેલ.

૧૧.૮.૧૩ના જ્ઞાતિની બે નિયાણી અને પાંચ વહુઓ તરફથી જ્ઞાનપંચમી તપની પૂર્ણાહુતિ પ્રસંગે પાંચ જ્ઞાનની પૂજા શ્રી શિતલનાથ જૈન દેરાસરમાં ખૂબ ઉલ્લાસથી ભણાવવામાં આવેલ. પૂજા શ્રી અચલગચ્છ મહિલા મંડળે રાગરાગિણીથી ભણાવેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-બેંગ્લોર

મહાજનની વાર્ષિક સામાન્ય સભા ૧૮.૮.૧૩ના માતુશ્રી જવેરબાઇ ધનજી ધરમશી, કચ્છીભવનના હોલમાં શ્રી ખુશાલચંદ ધનજી ધરમશીનાં પ્રમુખપદે સંપન્ન થયેલ. વાર્ષિક અહેવાલ સહ સેક્રેટરી નિર્મલાબેન દેવજી મૈશેરીએ રજુ કર્યા જેને મંજુરી આપવામાં આવી વર્ષ ૨૦૧૨-૧૩નાં હિસાબોની રજુઆત ખજાનચી કૌશિક નવિનચંદ સોનાવાલાએ રજુ કરી. જેને ચર્ચા કર્યા બાદ બહાલી આપવામાં આવી. મહિલામંચનો વાર્ષિક અહેવાલ શ્રીમતી




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

દીપા સોનાવાલાએ રજુ કરેલ. તથા વર્ષ દરમિયાન વધારે હાજરી માટે મધુરીબેન સોનાવાલા, મીરાબેન પીર, આરતીબેન ધરમશી તથા લીનાબેન નાગડાનું બહુમાન કરવામાં આવ્યું. પર્યુષણ પર્વ દરમિયાન દરેક માટે ધાર્મિક સ્પર્ધાનું મહિલામંચ તરફથી આયોજન રહેશે. પર્યુષણ પર્વની ઉજવણી કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરવામાં આવી. શ્રી વાસુપુજ્ય ભગવાનની મૂર્તિ તથા શ્રી શાંતિનાથ ભગવાનની મૂર્તિ પધરાવવાનો અને પોંખવાનો ચડાવો અનુક્રમે શ્રી દિનેશ પીર ૫૦૧ મણ, શ્રી ગુલાબ છેડા ૨૦૧ મણ, શ્રીમતી નવલબેન દેવજી મૈશેરી પરિવારે ૫૫૫ મણ તથા શ્રી ગુલાબ છેડા ૩૦૧ મણમાં લીધેલ. પર્વ દરમિયાન પ્રભુજીની પધરામણીના દિવસે સ્વામીવાત્સલ્ય જમણ શ્રી ગુલાબ છેડા તરફથી, પોથીના દિવસે સ્વામીવાત્સલ્ય જમણ શ્રી સંઘ તરફથી, ચૌદ સ્વપ્નના દિવસે સ્વામીવાત્સલ્ય જમણ શ્રીમતી માધુરીબેન સોનાવાલા તરફથી, ક્ષમાપનાના દિવસે પારણાં શ્રી પરેશભાઇ ધરમશી તરફથી અને સ્વામીવાત્સલ્ય જમણ શ્રી સંઘ તરફથી રાખવામાં આવેલ છે. મહાજનશ્રીના સ્વામીવાત્સલ્ય ફંડમાં સારી જેવી રકમ લખાવવામાં આવેલ. સમયનાં અભાવે નવી વ્યવસ્થાપક સમિતિની ૨૦૧૩થી ૨૦૧૬ માટેની ચુંટણી અથવા નિમણુંક તથા મહાજનશ્રીની ઉત્તરહલ્લીની જગ્યામાં દેરાસરજી તથા રહેઠાણ બનાવવા બાબત વિચારણા ન થઇ. પર્વ દરમિયાન કચ્છી વિસા ઓશવાલ જૈન સમાજ તથા રાજસ્થાની અચલગચ્છ સમાજના પરિવારજનોને પણ આમંત્રીત કરવાનું નક્કી થયેલ.

## સાંયરા

૧૯.૮.૧૩ના માતુશ્રી નવલબાઇ ઉમરશી નાગડા (નરેડી) તરફથી મહાકાળીની ભાવના થયેલ. જેમાં કોઠારા, વરાડીયા તથા વરંડીમોટી સંઘના ભાવિકો પધારેલ. જેમાં રતીલાલભાઇ, પ્રેમચંદભાઇ, દેવેન્દ્રભાઇ પટેલ, મહેન્દ્રભાઇ, ખમાવંતીબાઇ ખોના તથા કોઠારાની બહેનોએ સારી રમઝટ જમાવેલ. ૨૦.૮.૧૩ના જીંકલ ભદ્રેશ પટેલ તરફથી સ્વામીવાત્સલ્ય જમણ થયેલ. જેમાં માતુશ્રી સોનબાઇ મુલજી પટેલ પરિવાર તરફથી રૂા.૧૦નું સંઘપૂજન થયેલ. વ્યાખ્યાનમાં સારી સંખ્યા લાભ લે છે.


**॥ જય જીવામા ॥**

કચ્છ-તેરામાં બીરાજતા શીયાડ ગોત્રના કુળદેવી જીવામાના જુવાર તથા ગંધી બદલવાની વિધિ કારતકી પુનમ **તા.૧૭.૧૧.૧૩**ના કરવાનું નક્કી થયેલ છે.

આ પ્રસંગે સર્વે ભાવિકોને પરિવાર સાથે પધારવા ભાવભર્યું આમંત્રણ છે. ભાવિકોને આવવા-જવાની ટીકોટોની વ્યવસ્થા સમયસર કરી લેવાની નમ્ર વિનંતી છે.

**છગનલાલ કલ્યાણજી શીયાડ** મો : 09920909764 ‖ **હીરાચંદ ખેતશી શીયાડ** મો : 09320064511


## ભુલસુધાર

પ્ર.સ.અંક ૩૩માં મુખપૃષ્ઠના ફોટાઓમાં હુબલી ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે સ્વાગત ગીત રજુઆત શ્રીમતી ઇંદુબેન પટેલ અને કુ. દિવ્યા શરદ મોમાયા તરફથી હતી જ્યાં શરતચુકથી સૌ. દિવ્યા છપાયું છે. મિચ્છામિ દુક્કડમ્

પ્ર.સ. અંક ૩૦માં પાના ૬ ઉપર સગપણ સેતુમાં પાત્ર નં.૫૩૪ના ફોન નં. શરતચુકથી ખોટા છપાયા છે. સુધારેલ નં : ૦૯૯૮૭૨૯૨૪૯૯ વાંચવા.

પ્ર.સ. અંક ૩૫માં પાના નં.૧૪ના જૈન લેખનું શિર્ષક 'પ્રાણ આધારિત વિભિન્ન સાધનાપદ્ધતિ (ભાગ-૧)', અને તેના લેખક મુનિ શ્રી મૃગેન્દ્રવિજયજી મ.સા. છે. જે મુદ્રણ વખતે તાંત્રિક ક્ષતિને લીધે છપાયું ન હતું.

પ્ર.સ. અંક ૩૪માં પાના નં.૨૩ ઉપર સ્વસ્તિક ગ્રુપના સમાચારમાં શરતચુકથી દાતાશ્રી ગિરીશ બાબુલાલ લોડાયા છપાયું છે જે સુધારીને દાતા માતુશ્રી મધુરીબેન બાબુલાલ જીવરાજ લોડાયા હ.ગિરીશભાઇ એમ સુધારીને વાંચવું.





**કામણગારા કચ્છડા ના માર્ગદર્શક - માન્યતા પ્રાપ્ત ભોમિયા**

**સોમ ધરમશી**

સંપર્ક : ૯૭ ૨૬ ૭૭ ૬૬ ૨૭

E-mail : **somchhaya@gmail.com**

દીપ-તમન્ના, પ્લોટ નં. ૭૧/૭૨, ગુણપુરી નગર, તલવાણા, તા. માંડવી-કચ્છ.

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **ચંદ્રેશ છગનલાલ શીયાડ** | એસ-૭, કેશવ રેસીડન્સી, ૨૬ ફર્સ્ટ મેન, શ્રીપુરમ, શેષાદ્રીપુરમ, બેંગ્લોર-૫૬૦૦૨૦. ફોન : 65739478 |
| **શામજી પદમશી છેડા** | પ્લોટ ૪૭-એફ, વોર્ડ નં.૯બી (ડી), ન્યુ આદિનાથ સોસાયટી, ગાંધીધામ ૩૭૦૨૪૦ ફોન : 08108667022 |
| **ગુલાબ એલ. નાગડા** | ૬૦૪, સીલ્વર ઓપલ, ફાતીમા સ્કુલ પાસે, કેશવાપુર, હુબલી-૫૮૦૦૨૩ ફોન : 08362265981 |
| **ડેની સી. લાલકા** | ૧૭૫/૧૪, બી-૨ કે.ટી.વી.આર. ટાવર, થડગમ રોડ, કોઈમ્બતુર-૬૪૧૦૩૧ ફોન : 8870010297 |
| **જયંત એલ. નાગડા** | ૩/૬૦૧, બાલાજી ગાર્ડન, આયરે રોડ, આયરેગામ કોપર સ્ટેશન સામે, ડોંબિવલી (ઇ) |
| **પુનશી ચત્રભુજ સાયલા** | રાપરગઢ (કચ્છ) તા. અબડાસા ૩૭૦૬૪૫ ફોન : 09638906911 |
| **પ્રેમચંદ વીશનજી દંડ** | પી-સી/૩૨ વર્ધમાનનગર સાઉથ, ભુજ-ભચાઉ હાયવે, ભુજોડી ૩૭૦૧૨૦ ફોન : 09099510083 |
| **સંદીપ તારાચંદ મોતા** | ૨૨-બી, સુર્યકિરણ, કોલેજ પાસે, સ્મૃતિમંદિર રોડ, ઘોડાસર અમદાવાદ-૩૮૦૦૫૦ ફોન : 09824035501 |
| **અમી વીશનજી લોડાયા** | એ-૧/૨૩, બ્રહ્મા આંગન ઓફ સાળુંકે વિહાર રોડ, કોંઢવા-પુના ૪૧૧૦૪૮ ફોન : 09822438375 |
| **દિનેશ ડુંગરશી ધરમશી** | બી-૩૦૨, સ્મિતા, ૧૧૫ આંબેડકર રોડ, મુલુન્ડ (વે), મુંબઇ -૪૦૦૦૮૦ |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૨.૮.૧૩ | અમદાવાદ | JKSL0101503 | પંક્તિ-બીના/ભાવેશ પદમશી શીયાલ | જખૌ | કન્યા |
| ૧૫.૮.૧૩ | ઘાટકોપર | TRKN040703 | નક્ષ-અલ્પા/નીતિન દેવેન્દ્ર ખોના | તેરા | પુત્ર |
| ૧૫.૭.૧૩ | ઘાટકોપર | JKMU060703 | પહેલ-દિવ્યા/ધર્મેશ અરવિંદ મુનવર | જખૌ | કન્યા |
| ૧૧.૮.૧૩ | મુલુન્ડ | BHDU050503 | પ્રિયાંક-પ્રિયંકા/નિખિલ વનરાજ ધુલ્લા | ભરૂડીયા | પુત્ર |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૮.૮.૧૩ | દિલ્હી | A | આશિષ પ્રભુદયાલજી રાધાકૃષ્ણજી અરોરા | રાજસ્થાન | ૨૬ |
| | ચાલીસગામ | SIM0070904 | નમ્રતા લલિત લાલજી મોમાયા | સાંયરા | ૨૬ |
| ૨૮.૮.૧૩ | હુબલી | A | સારંગ મુકેશ વીશનજી ઠક્કર | કુંભારીયા | ૨૭ |
| | ઘાટકોપર | LLMA031104 | અમી જીતેન્દ્ર હિરાચંદ મૈશેરી | લાલા | ૨૪ |
| ૨૪.૮.૧૩ | મુંબઇ | A | ભાવિન મનસુખલાલ મોતીલાલ શાહ | માંડવી | ૩૦ |
| | અમદાવાદ | SDKN020704 | આરતી લલિત રાયચંદ ખોના | સાંધવ | ૨૭ |
| ૨૮.૮.૧૩ | માટુંગા | MJLO010803 | અંશુલ હરીશ લહેરચંદ લોડાયા | મંજલ | ૨૫ |
| | ચેમ્બુર | A | કૃપા વિક્રમ ભોગીલાલ મહેતા | મોરબી | ૨૫ |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૨.૫.૧૩ | કાંદીવલી | LLMA041603 | નિર્મિત સુર્યકાંત મુલજી મૈશેરી | લાલા | ૨૬ |
| | નાશિક | BDLO040803 | ભવ્યા તિલકચંદ લોડાયા | બાંઢિયા | ૨૨ |
| ૧૩.૭.૧૩ | બેંગ્લોર | SUDH060204 | આશિષ ખુશાલચંદ વિશનજી ધરમશી | સુથરી | ૨૯ |
| | મુલુન્ડ | JKNG020603 | પિંકી પ્રેમચંદ શામજી નાગડા | જખૌ | ૨૬ |
| ૧૪.૭.૧૩ | સેલમ | KUMT020805 | દિપેન રાયચંદ માલશી મોતા | કુવાપધર | ૨૯ |
| | હુબલી | NLKN090303 | પ્રિયંકા કમલેશ ખેતશી ખોના | નલિયા | ૨૩ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૬.૮.૧૩ | પુસદ | SUDH040401 | ખેતબાઇ વેલજી ખેતશી ધરમશી | સુથરી | ૮૭ |
| ૨૪.૮.૧૩ | ડોંબિવલી | NLLA010201 | સોજપાર મુરજી નરશી લાલકા | નલીયા | ૮૪ |
| ૨૪.૮.૧૩ | મુલુન્ડ | BYGS010501 | નવલબાઇ રામજી ચાંપશી ગોસર | બાયઠ | ૮૭ |
| ૨૮.૮.૧૩ | મુલુન્ડ | TRMT030205 | પુષ્પા લાલજી તેજપાર મોતા | તેરા | ૫૮ |
| ૨૬.૮.૧૩ | અમદાવાદ | MJDH021002 | પ્રમીલાબેન જયંત મેઘજી ધરમશી | મંજલ | ૭૨ |
| ૨૮.૮.૧૩ | ડોંબિવલી | VVBD030601 | ગોવિંદજી ભવાનજી અરજણ ભેદા | વારાપધર | ૭૫ |
| ૩૦.૮.૧૩ | બડગરા | BYPL070502 | મધુરીબાઇ જીવરાજ વેરશી પોલડીયા | બાયઠ | ૬૮ |

MAHARASHTRA PRADESH CONGRESS COMMITTEE



# Rajesh J. Lodaya

Organising Secretary - Kutchi - Gujarati Cell (Mumbai Region)

Office : Gandhi Bhavan, Nariman Point, Mumbai - 400 021.
Resi. : B-32, Anant Siddhi, L.B.S. Marg, Bhandup (West), Mumbai - 400 078.
Email : rajesh.rjl07@gmail.com • M : +91 93234 39843 / 83848 37869

*Best Compliments From*

JASH Mercantile LLP

101, Manratna Business Park, 1st Floor., Junction of Derasar Lane, Tilak Road, Ghatkopar (East), Mumbai - 400 077.India
Tel.: +91 22 4422 9100 - 199 • Fax : +91 22 4422 9119
Email : info@jashmercantile.com • Website : www.jashmercantile.com


# શ્રધ્ધાંજલિ

જન્મ
તા.૧૦.૨.૧૯૮૨



અરિહંતશરણ
તા.૨૭.૫.૨૦૧૩

## અ.સૌ.સ્વ. મિત્તલ ધારેશ ધરમશી (મુંબઇ)

જીવન વન અતિ વેગે વિતાવ્યું, તોય સૌના હૃદયમાં સ્નેહઘર કર્યું,
અરિહંતશરણે ચિર શાંતિ પામો, તમે કર્તવ્ય નિભાવતાં, ધર્મ પ્રાપ્ત કર્યું....

**શોકાતુર**

પતિ : ધારેશ ગોવિંદજી ધરમશી (મુંબઇ)
દિકરી : સાનવી ધારેશ ધરમશી
સાસુ-સસરા : અ.સૌ. રૂપલબેન ગોવિંદજી ધરમશી (મૈસુર)
દિયર-દેરાણી : અ.સૌ. શ્રુતિ રિધેશ ધરમશી
માતા-પિતા : સ્વ. હંસાબેન હિરાચંદ કુંવરજી મૈશેરી (રાયપુર)

કાકા-કાકી : અ.સૌ. મંજુલા લહેરચંદ કુંવરજી (વડોદરા)
ભાઇ-ભાભી : અ.સૌ. માન્યા પિયુષ,
અ.સૌ. રશ્મી કપીલ તથા અંકિત
બહેન-બનેવી : અ.સૌ. રિત્તલ ચિરાગ શાહ (નાગડા) (પૂના)
ભત્રીજી : હનીકા પિયુષ મૈશેરી
ભત્રીજો : કાવ્ય કપીલ મૈશેરી

દાદાણાં : ગં.સ્વ. માતુશ્રી લક્ષ્મીબેન કુંવરજી મૈશેરી (રાયપુર)
નાનાણાં : માતુશ્રી બાંયાબાઇ શામજી મોતા (લોનાવલા)

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Postal Regd. No.MH/MR/East/53/2012-14 day of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

|| શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ || || શ્રી અંબેમાતાય નમઃ ||

# હાર્દિક અભિનંદન



## કુ. જીની હિતેન્દ્ર ધરમશી

**Bachelor of Dental Surgery (BDS)**

કચ્છી સુથરી હાલ ચેમ્બુર નિવાસી
અ.સૌ. તેજલ હિતેન્દ્ર ધરમશી ની સુપુત્રી,
July-2013 માં લેવાયલ BDS ની Final Exam માં
Merit List માં ઉત્તીર્ણ થવા બદલ અંતરભીના અભિનંદન

### શુભાશિષ

માતુશ્રી કસ્તુરીબેન નારાણજી કલ્યાણજી ધરમશી પરિવાર (કચ્છ-સુથરી)
માતુશ્રી મલ્યાબેન દામજી વિશનજી મોમાયા પરિવાર (કચ્છ-સાંયરા)

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001. Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI (Owner)** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078. Editor : **Raichand R. Nagda**